સુવિચાર

વિશ્વાસ એ ખુશીનો સૌથી મોટો ખજાનો છે...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક



જસદણના પારેવાડા ગામે પાંચ વર્ષના માસુમ પુત્રની નશાખોર પિતાએ હત્યા કર્યાનો માતાનો આક્ષેપ P-4

Year-16, Issue-238 ■ DATE : 21-01-2026 WEDNESDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

## સોના-ચાંદીની કિંમતમાં તોતીંગ વધારોઃ ચાંદી સવા ૩ લાખ રૂપિયાને પાર



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

વૈશ્વિક બજારમાં ઉથલપાથલ અને અમેરિકા-યુરોપ વચ્ચે વધતા ટ્રેડ વોરના તણાવને કારણે આજે ભારતીય બજારમાં સોના અને ચાંદીના ભાવમાં તોતિંગ વધારો જોવા મળ્યો છે. ૨૧ જાન્યુઆરી, બુધવારે સવારે મલ્ટી કોમોડિટી એક્સચેન્જ પર સોનાના ભાવમાં આશરે ૨.૭૦%નો ઉછાળો આવતા તે નવા રેકોર્ડ સ્તરે પહોંચી ગયા છે.

બુધવારે સવારે સોનાના ભાવમાં એટલો મોટો વધારો થયો કે તેણે અત્યાર સુધીના તમામ રેકોર્ડ તોડી નાખ્યા છે. મલ્ટી કોમોડિટી એક્સચેન્જ પર સવારે લગભગ ૯ઃ૩૦ વાગ્યે, ફેબ્રુઆરી ગોલ્ડ વાયદો પ્રતિ ૧૦ ગ્રામના ૧,૫૪,૬૨૮ પર પહોંચી ગયો હતો. સોનાની સાથે ચાંદીમાં પણ તેજી જોવા મળી હતી, જ્યાં માર્ચ મહિનાનો ચાંદીનો વાયદો વધીને કિલો દીઠ ૩,૨૫,૩૨૬ પર પહોંચ્યો હતો. દુનિયાભરમાં ચાલી રહેલા દેશો વચ્ચેના વિવાદો અને આર્થિક અસ્થિરતાને કારણે લોકો અત્યારે સોના-ચાંદીમાં રોકાણ કરવું સૌથી સુરક્ષિત માની રહ્યા છે, જેના કારણે આ જંગી ભાવ વધારો થયો છે.

ઉંચા ભાવના કારણે ચાંદીમાં ડિમાન્ડ સાવ તળીયે આવી ગઇ છે અને કારોબાર ઠપ્પ થઇ જવા જેવી દશા છે તેના કારણે વાયદા કરતા હાજરનો ભાવ નીચો આવી ગયો હોવાનું માનવામાં આવી રહ્યો છે. વિશ્વબજારમાં ચાંદીનો ભાવ ૯૩.૯૯ ડોલર સાંપડયો હતો. સોના-ચાંદીના વેપારીઓના કહેવા પ્રમાણે વિશ્વસ્તરે ભૌગોલિક ટેન્શન, યુધ્ધના ભણકારા, નવા નવા ટેરીફ વોર જેવા કારણોથી આંતરરાષ્ટ્રીય સ્તરે તેજીની આગ લાગી છે અને તેમાંથી ભારત પણ બાકાત રહી શકયુ નથી.

# ડોલર સામે ફરી રૂપિયો ૯૧.૩૦ના તળીયે

### બજેટ પૂર્વે જ કરન્સી માર્કેટમાં મોટી ઉથલપાથલ થતા મોંઘવારી વધવાનું દબાણઃ વિશ્વ સ્તરે યુધ્ધની ઘટનાને કારણે કોમોડીટી તથા શેરબજારમાં તીવ્ર પ્રત્યાઘાત



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સોના-ચાંદી, શેરબજાર, મેટલ સહિતની માર્કેટોમાં કેટલાક વખતથી ઉથલપાથલનો દૌર ચાલી રહ્યો છે તેવા સમયે હવે કરન્સી માર્કેટનો વારો આવ્યો હોય તેમ આજે અમેરિકન ડોલર સામે ભારતીય રૂપિયામાં પ્રારંભિક કામકાજમાં જ ૩૩ પૈસાનો કડાકો બોલી ગયો હતો અને ૯૧.૩૦ના તળીયે સરકી ગયો હતો.

વિશ્વસ્તરે યુધ્ધ, ટેરીફ વોર જેવા અનેકવિધ ઘટનાક્રમોના કારણે મેટલ સહિતની કોમોડીટી તથા શેરબજારમાં તિવ્ર પ્રત્યાઘાતો પડી જ રહ્યા છે અને તેની જ અસર કરન્સી માર્કેટમાં ઉભી થવા લાગી હોય તેમ આજે ડોલર સામે રૂપિયો નવેસરથી તિવ્ર દબાણમાં આવી ગયો હતો.


વિદેશી નાણા સંસ્થાઓ છેલ્લા કેટલાક મહિનાઓથી ભારતમાંથી કરોડો- અબજો રૂપિયા પાછા ખેંચી રહી છે. ટેરીફના કારણે ભારતને ફટકો છે. ઉપરાંત અન્ય આંતરરાષ્ટ્રીય ભૌગોલિક કારણોથી કરન્સી માર્કેટ દબાણમાં હોવાનું માનવામાં આવી રહ્યું છે.


ડોલર સામે રૂપિયાના ધબડકાથી અર્થતંત્રને મોટો ફટકો પડવાની આશંકા વ્યકત થવા લાગી છે. ૧૦ દિવસ પછી કેન્દ્રીય બજેટ રજૂ થવાનું છે. તે પૂર્વે જ રૂપિયાના કડાકાથી સરકારી અંદાજોમાં પણ ફેરફાર થઇ શકે છે. કારણ કે આયાતને બહુ મોટો ઝટકો લાગવાના ભણકારા છે.

ક્રુડ તેલ, સોના-ચાંદી, ખાતર, ઈલેકટ્રોનિક સહિતની ઢગલાબંધ ચીજોની ભારત દ્વારા જંગી માત્રામાં આયાત કરવામાં આવતી હોય છે. ખાસ કરીને ક્રુડ અને ખાતરનો બહુ મોટો બોજ આવી શકે છે.

વિશ્વસ્તરે ક્રુડના ભાવ કાબુમાં છે અન્યથા ભારતમાં પેટ્રોલ-ડિઝલના ભાવ વધારાના ભણકારા વાગી શકે છે. આ જ રીતે નવી ખરીફ સિઝન પૂર્વે ખાતરની આવક પર મોટો બોજ ઉભો થઇ શકે છે. રૂપિયાના ધોવાણથી આર્થિક અંદાજોમાં પણ મોટા બદલાવના ભણકારા છે અને બજેટમાં તેની અસર જોવા મળે તેવી શકયતાનો ઈન્કાર થઇ શકતો નથી.

શેરબજારમાં છેલ્લા ત્રણ દિવસથી સતત ઘટાડો ચાલુ છે. મંગળવાર રોકાણકારો માટે 'અમંગળ' સાબિત થયા બાદ બુધવારે પણ સ્થિતિ એવી જ રહી. સેન્સેક્સ તેના અગાઉના બંધ ૮૨,૧૮૦ની સરખામણીએ ઘટીને ૮૧,૭૯૪ પર ખુલ્યો અને ૮૧,૧૨૪ના સ્તર સુધી પહોંચી ગયો. તેવી જ રીતે નિફ્ટી પણ દિવસની હાઈ સપાટીથી ૩૫૮ પોઈન્ટ તૂટીને ૨૪,૯૧૯ના સ્તરે ટ્રેડ કરતો જોવા મળ્યો હતો.





## ભારત પર ૫૦૦% ટેરિફ નહીં લાગેઃ યુએસ ટ્રેઝરી સેક્રેટરીએ કર્યો મોટો ખુલાસો

**મુખ્ય સમાચાર, વોશિંગ્ટન**

યુએસ ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસન્ટે જણાવ્યું છે કે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને રશિયન તેલ ખરીદનારા દેશો પર ૫૦૦% ટેરિફ લાદવા માટે સેનેટની મંજૂરીની જરૂર નથી. જોકે, તેમણે સ્પષ્ટતા કરી કે આ વખતે ટેરિફ ધમકીનું પ્રાથમિક લક્ષ્ય ભારત નહીં પણ ચીન છે.

સ્કોટ બેસન્ટે દાવો કર્યો હતો કે ટ્રમ્પ વહીવટીતંત્રે ભારત પર ૨૫% ટેરિફ લાદ્યા બાદ ભારતે રશિયન તેલ ખરીદવાનું બંધ કરી દીધું છે. તેમણે કહ્યું કે અમેરિકાની કડક વેપાર નીતિને કારણે ભારતે તેની આયાતમાં ફેરફાર કર્યો છે.

બેસન્ટ જે બિલનો ઉલ્લેખ કરી રહ્યા હતા તે રશિયા પ્રતિબંધ બિલ છે, જે યુએસને રશિયા પાસેથી તેલ ખરીદનારા દેશો પર ઓછામાં ઓછા



૫૦૦% ટેરિફ લાદવાની મંજૂરી આપે છે. આ બિલને આ મહિનાની શરૂઆતમાં રાષ્ટ્રપતિ ટ્રમ્પની મંજૂરી મળી હતી.

એક મુલાકાતમાં, બેસન્ટે કહ્યું, સેનેટર લિન્ડસે ગ્રેહામે રશિયન તેલ ખરીદનારાઓ પર ૫૦૦ ટેરિફ લાદવાનો પ્રસ્તાવ મૂક્યો છે. આપણે જોઈશું કે તે પસાર થાય છે કે નહીં. જ્યારે અમે માનીએ છીએ કે રાષ્ટ્રપતિ ટ્રમ્પને તેની જરૂર નથી, તેઓ આંતરરાષ્ટ્રીય કટોકટી શક્તિ અધિનિયમ () હેઠળ તેનો ઉપયોગ કરી શકે છે, પરંતુ સેનેટ તેમને ઔપચારિક રીતે આ અધિકાર આપવા માંગે છે.

યુરોપ પર યુએસ હુમલોઃ વ્હાઇટ હાઉસના એક વરિષ્ઠ અધિકારીએ પણ યુરોપની ટીકા કરી. તેમણે કહ્યું કે ચાર વર્ષ પછી પણ, યુરોપ હજુ પણ રશિયન તેલ ખરીદી રહ્યું છે અને આમ પોતાની સામેના યુદ્ધને ભંડોળ પૂરું પાડી રહ્યું છે. બેસન્ટે દાવો કર્યો હતો કે યુક્રેન યુદ્ધ શરૂ થયા પછી ભારતે રશિયન તેલ ખરીદવાનું શરૂ કર્યું હતું, પરંતુ રાષ્ટ્રપતિ ટ્રમ્પે ૨૫ ટેરિફ લાદ્યા પછી, ભારતે તેની ખરીદી ઘટાડી દીધી છે અને હવે તેને સંપૂર્ણપણે બંધ કરી દીધી છે.

## પ્રયાગરાજમાં સેનાનું ટ્રેનીંગ એરક્રાફ્ટ તળાવમાં ક્રેશઃ કોઈ જાનહાની નહીં

**મુખ્ય સમાચાર, પ્રયાગરાજ**

પ્રયાગરાજમાં સેનાનું ટ્રેનિંગ એરક્રાફ્ટ ક્રેશ થયું. એરક્રાફ્ટ હવામાં ઉડતા-ઉડતા ડગમગ્યું અને તળાવમાં પડી ગયું. જ્યાં આ દુર્ઘટના થઈ, તે શહેરની મધ્યનો વિસ્તાર છે. અહીં તળાવને અડીને શાળા અને રહેણાંક કોલોનીઓ છે.

દુર્ઘટનાના તરત જ બાદ આસપાસના લોકો ઘટનાસ્થળે પહોંચ્યા. પ્રત્યક્ષદર્શીઓએ જણાવ્યું કે - એરક્રાફ્ટ ક્રેશ થતા પહેલા ૩ લોકો પેરાશૂટથી કૂદી પડ્યા અને તળાવમાં પડ્યા. ત્યાં તેઓ કાદવમાં ફસાઈ ગયા. સ્થાનિક લોકોએ તેમને બહાર કાઢ્યા છે.

થોડી જ વારમાં સેનાનું હેલિકોપ્ટર પણ પહોંચી ગયું. જોકે, જ્યાં વિમાન પડ્યું છે. ત્યાં કાદવવાળું તળાવ છે, ચારે બાજુ જળકુંભી ઉગી



નીકળી છે. આવી સ્થિતિમાં એરક્રાફ્ટ સુધી કોઈ પણ ટીમ પહોંચી શકી નથી. એરક્રાફ્ટમાં વધુ લોકો સવાર હતા કે નહીં, તે હજુ સ્પષ્ટ થયું નથી.

આ દુર્ઘટના બુધવારે બપોરે ૧૨ વાગ્યે કેપી કોલેજની પાછળ થઈ. ફાયર બ્રિગેડ અને રેસ્ક્યુ ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે.

નજીકમાં જ સ્કૂલ છે. બાળકો પ્રેક્ટિકલ આપી રહ્યા હતા, ત્યારે લાલ રંગનું સિગ્નલ ખૂબ જ તીવ્ર અવાજ સાથે દેખાયું. બે મિનિટ પછી પેરાશૂટ ખુલી ગયા. જહાજ તળાવમાં પડી ગયું. અત્યાર સુધીમાં ત્રણ લોકોને બહાર કાઢવામાં આવ્યા છે. ત્રણેય લોકો યુનિફોર્મમાં હતા.

## અમેરિકા અને યુરોપીયન દેશો વચ્ચે ટક્કર વધીઃ ટેરિફ અને ગ્રીનલેન્ડને સાંકળશો તો ભારે પડશે અમેરિકાની ચેતવણી

**મુખ્ય સમાચાર, દાવોસ**

ગ્રીનલેન્ડથી લઈને ગાઝા પીસ બોર્ડ મુદ્દે અમેરિકા અને યુરોપીયન દેશો વચ્ચે સતત ટકકર વધી રહી છે અને ખાસ કરીને ફ્રાન્સ તથા કેનેડા એ અમેરિકી દાદાગીરી સ્વીકાર્ય નહી બને તેવુ વલણ અપનાવ્યુ છે તે વચ્ચે અમેરિકાના વ્યાપારમંત્રી હોવાર્ડ લુટનીક એ દાવોસમાં વર્લ્ડ ઈકોનોમીક ફોરમની બેઠકમાં યુરોપીયન દેશોને સીધી ચેતવણી આપતા કહ્યું કે જો અમેરિકાના ટેરિફ સામે જવાબી ટેરિફ લાદવામાં આવશે તો તે યુરોપીયન દેશો માટે ભારે થઈ પડશે અને પછી જેવા સાથે તેવાની નીતિ અપનાવાશે અને વ્યાપાર યુદ્ધ છેડાશે.

વિશ્વભરના અર્થશાીઓ અને અનેક રાષ્ટ્રવડાઓ વચ્ચેની વર્લ્ડ ઈકોનોમીક ફોરમની બેઠકમાં અમેરિકી



વ્યાપારમંત્રીએ જણાવ્યું કે ૨૦૨૬ના પ્રથમ કવાર્ટરમાં જ અમેરિકાનું અર્થતંત્ર પાંચ ટકાથી વધુના દરે વિકાસ સાધી શકે છે અને હાલ અમારા વ્યાજદર પણ અર્થતંત્રને વધુ ઝડપથી આગળ વધવા માટે સાનુકુળ છે અને પાંચ ટકાના વિકાસદર સાથે અમેરિકી અર્થતંત્ર ૩૦ ટ્રીલીયન ડોલરથી પણ આગળ વધી જશે.

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ગ્રીનલેન્ડ પર અમેરિકી વર્ચસ્વ સ્થાપવા સહિતના મુદ્દે જે આક્રમક નીતિ અપનાવી છે તે સામે નાટો સહિતના યુરોપીયન દેશોમાં ભારે નારાજગી છે અને તે વચ્ચે અમેરિકાની આ સીધી ચેતવણી મહત્વપૂર્ણ ગણવામાં આવે છે.

જો કે અમેરિકાના વ્યાપારમંત્રીનો આ આશાવાદ વધુ પડતો હોવાનું માનવામાં આવે છે. આમ ઈન્ટરનેશનલ મોનેટરી ફંડે અમેરિકાનો વિકાસદર ૨.૪ ટકા રહેવાની ગણતરી દર્શાવી છે.

એ ઉલ્લેખનીય છે કે, અમેરિકાએ ગ્રીનલેન્ડ મુદ્દે વિરોધ કરનાર યુરોપીયન દેશો પર તા.૧ ફેબ્રુઆરીથી ૧૦ ટકા અને ૧ જૂનથી ૨૫ ટકા સુધી ટેરિફ લાદવાની ધમકી આપી છે તો યુરોપીયન દેશોએ પણ વળતા ટેરીફની ચીમકી આપી છે.

## ટોલટેકસની ચોરી કરી તો હવે વાહનનું ફિટનેશ સર્ટિફિકેટ કે NOC નહિં મળે શકે



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

કેન્દ્ર સરકારે નેશનલ હાઈવે પર ટોલ ટેક્સની ચોરી રોકવા નવા નિયમો જાહેર કર્યા છે. હવે જો કોઈ વાહન ચાલકે ટોલ ટેક્સ નહીં ચૂકવે કે તેના ફાસ્ટેગમાં સમસ્યાને કારણે પેમેન્ટ બાકી હશે, તો તે વાહન માટે આરટીઓ સંબંધિત મહત્ત્વના દસ્તાવેજો મેળવવા મુશ્કેલ બનશે. આ નિયમો મુજબ, જે વાહનોનો ટોલ ટેક્સ બાકી હશે તેમને ફિટનેસ સર્ટિફિકેટ, નેશનલ પરમિટ કે એનઓસી પણ નહીં મળે.

ટોલ ટેક્સ નહીં ભરો તો શું થશે?: હવેથી જો તમારે ટોલ ટેક્સ ભરવાનો બાકી હશે તો NOC ( નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ ) નહીં મળે. કોઈ વાહનની રજિસ્ટ્રેશન એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં કરાવવા અથવા તો વેચવા માટે NOCની જરૂર પડે છે., કોમર્શિયલ વાહનો માટે ફિટનેસ સર્ટિફિકેટ ખૂબ મહત્ત્વનું છે. એવામાં જ્યાં સુધી બાકીનો ટોલ ટેક્સ જમા નહીં કરાવો ત્યાં સુધી ફિટનેસ સર્ટિફિકેટ નહીં મળે., ટ્રક અને બસ જેવા કોમર્શિયલ વાહનોને નેશનલ પરમિટ આપતા પહેલા ચેક કરાશે કે ટોલ ટેક્સ ભરવાનો બાકી છે કે નહીં.

## સુરતના કામરેજ તાલુકામાં ટાંકી પડવાના મુદ્દે ભુપેન્દ્રભાઇ પટેલ લાલઘૂમ

સુરતના કામરેજ તાલુકાના ગાયપગલા(તડકેશ્વર) ગામમાં ૨૧ કરોડના તોતિંગ ખર્ચે પાણીની મસમોટી ટાંકીમાં ટ્રાયલ માટે પાણી ભરવામાં આવતું હતું.જો કે આ ટાંકી આપમેળે જ પત્તાના મહેલની માફક કડડડભૂસ થઈને બેસી પડી હતી. આ ટાંકીની ગુંજ આજે કેબિનેટમાં ઉઠી હતી. બપોરે ગાંધીનગરમાં મળેલી કેબિનેટની મિટિંગમાં મુખ્યમંત્રીએ તંત્ર ઉપર રોષ વ્યક્ત કર્યો હતો. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે માર્ગ અને મકાન ખાતાના અધિકારીઓને એવું કહ્યું હતું કે આ પ્રકારની બેદરકારી ચલાવી લેવાશે નહીં. તેમજ નબળી કામગીરીને પણ નહીં ચલાવાય, જો આવું હશે તો કડક પગલાં ભરાશે. આ ચર્ચા દરમિયાન કેબિનેટમાં મુખ્ય સચિવ એમ.કે.દાસે એવું કહ્યું કે પાણીની ટાંકી પડયા બાદ જવાબદારોને સસ્પેન્ડ કર્યા છે. તેમજ જે તે અધિકારીઓ સામે પોલીસ કેસ પણ કરાશે. મુખ્યમંત્રીએ તમામ ડિપાર્ટમેન્ટોને દરેક કામમાં ખાસ કાળજી રાખવાની પણ શિખામણ આપી હતી.

## આનંદીબેનના દીકરી અનાર પટેલ બન્યા ખોડલધામના સર્વેસર્વા




**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના કાગવડ સ્થિત લેઉવા પાટીદાર સમાજની આસ્થાના કેન્દ્ર સમાન ખોડલધામ ટ્રસ્ટ દ્વારા આજે એક ખૂબ જ મહત્ત્વપૂર્ણ જાહેરાત કરવામાં આવી છે. ખોડલધામ ખાતે યોજાયેલી 'કન્વીનર મીટ ૨૦૨૬' દરમિયાન ટ્રસ્ટના ચેરમેન નરેશ પટેલે પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલનાં પુત્રી અનાર પટેલને ખોડલધામ સંગઠનનાં અધ્યક્ષ તરીકે જાહેર કર્યા છે. આ જાહેરાત બાદ પાટીદાર સમાજ અને રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા જાગી છે, કારણ કે હવે ખોડલધામના સંગઠનને લગતાં તમામ પાયાનાં કામકાજની ધુરા અનાર પટેલના શિરે રહેશે.

નરેશ પટેલે અનાર પટેલના નામની ઘોષણા કરતાં જણાવ્યું હતુ કે, સંગઠનને વધુ મજબૂત કરવા અને યુવા તેમજ મહિલા શક્તિને જોડવા માટે આ નિર્ણય લેવાયો છે. અત્યારસુધી પડદા પાછળ રહીને સેવાકીય પ્રવૃત્તિઓ સાથે જોડાયેલા અનાર પટેલ હવે સીધી રીતે ખોડલધામના સંગઠન માળખાનું નેતૃત્વ કરશે. કન્વીનર મીટમાં હાજર રહેલા સમાજના અગ્રણીઓ અને સ્વયંસેવકોએ આ નિર્ણયને વધાવ્યો હતો. આગામી સમયમાં ખોડલધામ દ્વારા યોજાનારા વિવિધ સામાજિક અને સંગઠનલક્ષી કાર્યક્રમોમાં અનાર પટેલની ભૂમિકા નિર્ણાયક સાબિત થશે.

## ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ નિતીન નબીન ચાર્જ સંભાળતાની સાથે જ એકશનમાં

### સંગઠનની પ્રથમ બેઠકમાં જ અનેક મહત્વપૂર્ણ નિર્ણયોઃ કેરળમાં ચુંટણી ઈન્ચાર્જ તરીકે વિનોદ તાવડેની નિયુક્તિ



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભાજપનું રાષ્ટ્રીય અધ્યક્ષપદ સંભાળ્યાના ચોવીસ કલાકમાં જ નીતીન નબીને આગામી સમયમાં આવી રહેલી રાજયોની ચુંટણીની સાથોસાથ મહત્વના ગણાતા મહાનગરોની સ્થાનિક ચુંટણીઓ અંગે પણ ભાજપની તૈયારી શરુ કરી દીધી છે અને ગઈકાલે પક્ષના વડામથક ખાતે મળેલી એક બેઠકમાં શ્રી નબીને કેરળમાં આવી રહેલી ધારાસભા ચુંટણીના ઈન્ચાર્જ તરીકે પક્ષના રાષ્ટ્રીય મહામંત્રી વિનોદ તાવડેની નિયુક્તિ કરી છે તેની સાથોસાથ ચંદીગઢ મેયરની ચુંટણી માટે પણ તેઓને ઈન્ચાર્જ બનાવાયા છે.

આમ બિહારની ચૂંટણીમાં મહત્વની ભૂમિકા ભજવનાર શ્રી તાવડેને હવે કેરળમાં ભાજપના પ્રવેશ માટેનું મેદાન તૈયાર કરવા જવાબદારી સોંપાઈ છે. હાલમાં જ કેરળમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજની ચુંટણીમાં થિરુવન્તપુરમની મહાપાલિકામાં ભાજપે બહુમતી મેળવીને આ રાજયમાં પ્રથમ વખત સતાનો સ્વાદ માણ્યો છે. શ્રી તાવડેની સાથે કેરળમાં સહઈન્ચાર્જ તરીકે કેન્દ્રીય મંત્રી શોભા કરાંદજલને નિયુક્ત કરાયા છે.

તેઓ કર્ણાટકના છે. આ ઉપરાંત શ્રી નબીને ભાજપના એક સમયના રાષ્ટ્રીય મહામંત્રી રામ માધવને પણ હવે પક્ષમાં સક્રીય કર્યા છે. તેઓને બેંગ્લોર મહાનગરપાલિકાની આવી રહેલી ચુંટણીમાં ઈલેકશન ઈન્ચાર્જ તરીકે જવાબદારી સોંપી છે તેની સાથે રાજસ્થાન ભાજપના પુર્વ પ્રમુખ સતીષ પુનીયા અને મહારાષ્ટ્રના ધારાસભ્ય સંજય ઉપાધ્યાયને પણ બેંગ્લોર મહાનગરપાલિકામાં સહઈન્ચાર્જ તરીકે જવાબદારી સોંપી છે.

આ ઉપરાંત તેલંગાણાની મહાનગરપાલિકાઓની ચુંટણી પણ આવી રહી છે અને તેના ઈન્ચાર્જ તરીકે મહારાષ્ટ્ર સરકારના મંત્રી આશીષ શેલર અને સહઈન્ચાર્જ તરીકે અશોક પ્રણામી જેઓ રાજસ્થાન ભાજપના પુર્વ પ્રમુખ છે. તે ઉપરાંત રાજયસભાના સભ્ય રેખા શર્માને પણ નિયુક્ત કર્યા છે. આમ ગઈકાલે ભાજપ વડામથકે પક્ષના સંગઠન મહામંત્રી બી.એલ.સંતોષ સહિતના સંગઠન અગ્રણીઓની બેઠક મળી હતી તેમાં આ નિર્ણય લેવાયા હતા.

# જામનગરમાં જાહેરમાં જમાવડો કરી બેસનારા અને રોમિયોગીરી કરનારા સામે પોલીસની સ્પેશ્યલ ડ્રાઇવ યોજાઇ





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેર-જીલ્લામાં કાયદો વ્યવસ્થા જળવાઈ રહે અને ગુનાખોરી અટકે તે અનુસંધાને કોમ્બિંગ નાઈટ દરમ્યાન એસપી ડો.રવિ મોહન સૈની દ્વારા યોજેલી ડ્રાઈવમાં નંબર પ્લેટ વગર ના વાહનો, કારની બારીઓમાં અપારદર્શક ફિલ્મો લગાડનારા, ફેન્સી નંબર પ્લેટ લગાવેલા, ડ્રીંક એન્ડ ડ્રાઈવ તેમજ ધોકા જેવા હથિયારો સાથે વાહનોમાં નિકળનારા સહિત ૨૭૦ વાહન ચાલકો સામે કાર્યવાહી કરી હતી અને હાજર દંડ રૂ.૯૮,૪૦૦ વસુલ કરવામાં આવ્યો છે.જીલ્લામા ગેરકાયદેસર પ્રવુતિ કે ઉપર અંકુશ રહે તેમજ કાયદો ૫ અને વ્યવસ્થા જળવાય રહે તે દે હેતુથી એસપીની સુચનાથી વાહન ચેકીંગ અંગેની સ્પેશ્યલ ડ્રાઇવ યોજવામાં આવી હતી. જેમાં પોલીસની ૨૮ ટીમોએ શહેર-જિલ્લામાં વાહન ચેકીંગ કરવામાં આવ્યું હતું.જેમાં એમ.વી.એક્ટ-૧૮૫ હેઠળના ૧૧. કેસ તેમજ ૧૬ વાહન ડીટેઈન તેમજ પ્રોહીબીશનના ૧૩ કેસ, જાહેરનામા ભંગના ૧૦ કેસ, વાહનમાં બ્લેક ફિલ્મવાળા ૯૮ કેસ, વાહનમાં ફેન્સી નંબર પ્લેટના ૧૨૨ કેસ કરવામાં આવ્યા છે. જેમાં ટ્રાફિક નિયમોનો ભંગ કરનારા અમુક વાહન ચાલકો પાસેથી હાજર દંડ વસુલ કરવામાં આવ્યો હતો. જેમાં પોલીસે ૯૮,૪૦૦નો દંડ વસુલ કરવામાં આવ્યો છે.આ કોમ્બિંગ નાઈટ દરમ્યાન પોલીસે દુકાનોએ કે, જાહેર સ્થળોએ વાહનો સાઈડમાં પાર્ક કરીને જમાવડો કરીને બેસનારાઓ સામે પણ કાર્યવાહી કરવામાં આવી હતી. જેમાં અમુક લોકો તો પોલીસને જોઈને ભાંગ્યા હતાં. તો અમુક પોલીસની ઝપટે ચડતા તેને કાયદાના પાઠ ભણાવ્યા હતા. પોલીસની આ કામગીરીથી રાત્રિના બિનજરૂરી બહાર નિકળનારા તેમજ ટ્રાફીક નિયમોનો ભંગ કરનારાઓમાં ફફડાટ વ્યાપી ગયો હતો. ડીવાયએસપી જયવીરસિંહના માર્ગદર્શનમાં કામગીરી થઈ હતી.

# જામનગર મહાનગરપાલિકાએ ૬૦ સ્થળોએ ચેકિંગ કરી ૬૦ નમૂના લીધા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર મહાનગરપાલિકાની ફૂડ શાખા દ્વારા ચેકિંગ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ગત સપ્તાહ દરમિયાન શહેરના ૬૦ જેટલા સ્થળોએ તપાસ કરીને ફૂડ અને પીવાના પાણીના કુલ ૬૦ નમૂના લેવામાં આવ્યા હતા.આ કાર્યવાહી અંતર્ગત શહેરની જુદી જુદી દુકાનો અને ખાદ્ય પદાર્થનું વેચાણ કરતા ૪૦ જેટલા એકમોમાં ચેકિંગ કરાયું હતું. અહીંથી ચીકી, તલ-રાજગરાના લાડુ, દેશી ગોળ, ફાફડા, જલેબી, ઓઈલ, બેસન અને ઊંધિયા સહિતના કુલ ૪૦ ફૂડ નમૂના લઈ પરીક્ષણ અર્થે વડોદરાની ફૂડ એન્ડ ડ્રગ લેબોરેટરી ખાતે મોકલવામાં આવ્યા છે. આ કામગીરી કમિશનર ડી.એન. મોદીની સૂચના અને માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી.સંભવિત રોગચાળાને ધ્યાનમાં રાખીને, શહેરમાં પીવાના પાણીનો વેપાર કરતા ૨૦ જેટલા વિતરકોને ત્યાં પણ ચેકિંગ હાથ ધરાયું હતું. પોલીશ ચોકી, સુભાષ માર્કેટ, રણજીત રોડ, ગ્રેઈન માર્કેટ, હવાઈ ચોક જેવા વિવિધ વિસ્તારોમાંથી ૨૦ લૂઝ ડ્રિંકિંગ વોટરના નમૂના લઈ ઢીચડા ખાતેની પબ્લિક હેલ્થ



લેબોરેટરીમાં બેક્ટેરિયોલોજીકલ તપાસ માટે મોકલવામાં આવ્યા છે.નાગનાથ ગેટ વિસ્તારમાં આવેલ હઝરત પીર હાજીશાહ ડાડાની જગ્યાએ યોજાનાર ઉર્ષના મેળામાં ન્યાઝના કાર્યક્રમમાં મીઠા ભાતનું પણ ચેકિંગ કરવામાં આવ્યું હતું. મહાનગરપાલિકાના ફૂડ સેફ્ટી ઓફિસર દ્વારા જરૂરી હાઈજેનિક કન્ડિશન જાળવવા અંગેની સૂચનાઓ આપી નિરીક્ષણ કરાયું હતું.

# જામનગર સાયબર ક્રાઈમ પોલીસે છેતરપિંડીમાં અરજદારોએ ગુમાવેલા ૧૮.૨૫ લાખ રૂપિયા પરત અપાવ્યા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર સહિત ગુજરાતભરમાં પોલીસ દ્વારા ચાલતો તેરા તુજકો અર્પણ કાર્યક્રમ અનેક પરિવાર માટે આશીર્વાદરૂપ સાબિત થઈ રહ્યો છે ત્યારે જામનગર સાયબર ક્રાઈમ પોલીસે છેતરપિંડીમાં અરજદારોએ ગુમાવેલા ૧૮.૨૫ લાખ રૂપિયા પરત અપાવ્યા છે.જામનગરમાં વધતા જતા સાયબર ફ્રોડ વચ્ચે સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં આવેલી અરજીઓમાંથી અરજદારોએ છેતરપિંડીનો ભોગ બની રકમ ગુમાવી હતી. જે રકમ કોર્ટ કાર્યવાહી કરી નાણા કોર્ટ ઓર્ડર બાદ પોલીસે પરત અપાવ્યા હતા.શરદ સુખદેવભાઈ સાંખલાના ૧.૮૦ લાખ રૂપિયા, મેહુલ પરમારના ૬.૧૭ લાખ, અજયસિંહ જાડેજાના ૩.૯૧ લાખ રૂપિયા,





શિયાળ દીપકભાઈના ૧.૩૬ લાખ, પ્રિયંકાબેન દૂધાગરાના ૬૧ હજાર, ગોબિંદાચરણસતપતિના ૩.૪૪ લાખ અને કિશોરભાઈ મકવાણાના ૬૧ હજાર, વૈશાલીબેન ચાવડાના ૩૧ હજાર અને મકવાણા હરેશભાઈનો મોબાઇલ સહિત ૧૮.૨૫ લાખ રૂપિયા પોલીસે જે તે અરજદારોને અર્પણ કર્યા હતા.

# શિક્ષિકા આપઘાતના ચકચારી કેસમાં ત્રણ આરોપીઓને સાત વર્ષની સજા



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેરના પંચવટી સોસાયટીમાં વર્ષ ૨૦૨૩ના ચકચારી બનેલા અપરિણિત શિક્ષિકાના આપઘાત પ્રકરણમાં અદાલતે ત્રણેય શખસોને તક્સીરવાન ઠેરવીને ૭-૭ વર્ષની સજા અને રૂ.૫-૫ હજારના દંડનો હુકમ કરવામાં આવ્યો છે. શિક્ષિકાએ ઈંગ્લિશમાં લખેલી સ્યુસાઈડ નોટ ચુકાદામાં મહત્વનો ભાગ ભજવી ગઈ છે. શિક્ષિકાનો કેસ લડનાર એડવોકેટની પણ બે વર્ષ પહેલા હત્યા થઈ હતી.શહેરના પંચવટી સોસાયટી, શિતલ એપાર્ટમેન્ટમાં એકલી રહેતી અને ખાનગી સ્કુલમાં નોકરી કરતી નુરજહાબેન ઈબ્રાહીમભાઈ હુંદડા નામની શિક્ષિકાએ ગત તા.૧૭.૫.૨૦૨૩ ના રોજ પોતાના ફ્લેટમાં જ ગળાફાંસો ખાઈને આત્મહત્યા કરી લેતા એની સ્યુસાઈડ નોટથી ચકચાર મચી જવા પામી હતી. પોલીસે ઘટના સ્થળેથી શિક્ષિકાએ ઈંગ્લિશમાં હિન્દી અનુવાદમાં લખેલી એક સ્યુસાઈડ નોટ કબજે કરી હતી.જે બાદ શિક્ષિકાના ભાઈ ઈશાકભાઈએ આરોપી અફરોજ તૈયબ ચમડીયા, રજાક નુરમામદ સાયચા અને અખ્તર ઉમર ચમડીયા સામે મરી જવા માટે મજબુર કર્યાનો સીટી બી ડિવિઝન પોલીસે ગુનો નોંધ્યો હતો.આ કેસમાં એચ. પી. ઝાલાના સતત સુપરવિઝન અને માર્ગદર્શનના આધારે પીએસઆઈ બી.બી. કોડીયાતર અને ઝીણવટભરી અને આધારે તપાસ હાથ ધરી અને આરોપીઓ વિરૂધ્ધ પુરતા પુરાવા એકત્રિત કરીને ચાર્જશીટ કોર્ટમાં જુબાની આપી હતી.

આ બનાવથી શહેરમાં તેમજ શિક્ષણ જગતમાં ચકચાર મચી જવા પામી હતી. આ કેસ જામનગરની અદાલતમાં ચાલી જતાં ત્રણેય શખસોને તક્સીરવાન ઠેરવીને ૭-૭ વર્ષની સજાનો અને રૂ.૫-૫ હજારનો દંડનો હુકમ કરવામાં આવ્યો છે.બચાવ પક્ષે આ કેસમાં ૩૦૬ લાગુ પડતી નથી, અને ૩૬ ચુકાદાઓ વડી અદાલતના રજુ કરેલ, તમામના વિગતવાર જાહેર કરવામાં આવ્યા હતાં. સરકાર તરફે તેનો ખુલાસો કરવામાં આવ્યો હતો, અને સરકાર પક્ષે આ કેસને મદદરૂપ થાય તેવા ૯૦૦ચુકાદાઓ રજુ કરવામાં આવ્યા. આ કેસમાં જે સ્યુસાઈડ નોટ મળેલી જે અન્ય સાક્ષીઓની જુબાની અને સ્યુસાઈડ નોટ સાબિત કરવામાં આવી હતી. જેના અનુસંધાને અદાલતે ત્રણેય આરોપીઓને સજા કરવામાં આવી છે.અત્રે ઉલ્લેખનિય છે કે, શિક્ષિકા તરફે કેસ લડનાર એડવોકેટ હારૂન પલેજાની વર્ષ ૨૦૨૪ના માર્ચ માસમાં બેડીમાં રોજુ છોડવા જતાં ૧૫ જેટલા શખસોએ સરાજાહેર હુમલ કરીને હત્યા નિપજાવી હતી. આ સમયમાં સાયચા ગેંગના અમુક વ્યક્તિઓના મકાનોનું ડીમોલેશન પણ કરાયું હતું. જેતે સમયે આ બનાવે શહેરમાં તેમજ શિક્ષણ જગતમાં ભારે ચકચાર જગાવી હતી.શિક્ષિકાના આપઘાત પ્રકરણનો કેસ એડવોકેટ હારૂન પલેજા લડતા હતા, અને એડવોકેટ અને શિક્ષિકાના ભાઈ સહિત ત્રણ વ્યક્તિઓ અદાલતમાં દલિલો બાદ બહાર નિકળતા હતા. ત્યારે આરોપીઓના નજીકનાઓએ જ ધમકી આપી હતી. જે અંગેનો કેસ સીટી એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી.

# જામનગરમાં સોલાર પેનલના બહાને ૧૦૦ સાથે ઠગાઇ કરનાર ટોળકી ઝડપાઇ



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેર જિલ્લા સહિતના ૧૦૦થી વધુ લોકોને સોશિયલ મીડિયાના માધ્યમથી સોલાર પેનલ કંપનીના નામે આકર્ષક જાહેરાત આપી ઠગાઇ કર્યાના ચકચારી બનાવમાં જામનગર સાયબર ક્રાઇમની ટીમે તપાસ કરીને ટોળકીના પાંચ સાગરીતોને ઝડપી લીધા છે, જયારે એક શખ્સની શોધખોળ આદરવામાં આવી છે, પકડાયેલા શખ્સો પાસેથી ૧૨ મોબાઈલ ફોન, ૨ સીપીયુ, ૮ બેન્કની પાસબુક સહિતનું સાહિત્ય કબજે કર્યું છે અને તપાસને લંબાવવામાં આવી છે.જામનગરમાં હિરજી મિસ્ત્રી રોડ પર રહેતા એક નાગરિકે પોતાના ઘેર સોલાર પેનલ ફીટ કરી આપવાના બાબતે એક ખાનગી કંપનીના બે સંચાલકો સામે સીટી સી. ડિવિઝન પોલીસમાં મથકમાં છેતરપિંડી અંગેની ફરિયાદ નોંધાવી હતી, જે ફરિયાદના આધારે પોલીસ દ્વારા તપાસ ચલાવાઇ રહી હતી, અને જામનગરની સાયબર ક્રાઈમ પોલીસની ટીમેં આ પ્રકરણમાં તપાસમાં ઝુકાવ્યું હતું. જેમાં જાણવા મળ્યું હતું, કે એક સોલાર કંપનીની જાહેરાત આપનાર પાર્ટી કે જેઓ દ્વારા સોશિયલ મીડિયાના માધ્યમથી લોકોને સસ્તા ભાવે સોલાર પેનલ લગાવી આપવાનું પ્રલોભન આપી તેના માટે બેન્કમાંથી લોન કરાવી દીધા બાદ નાણા પોતાના ખાતામાં ટ્રાન્સફર કરાવી નાખતા હતા, અને સોલાર પેનલ ફીટ નહીં કરી આપી, છેતરપિંડી કરી હતી. જે પ્રકરણની ઊંડાણપૂર્વકની તપાસ બાદ પોલીસની ટીમે એક ટોળકીના પાંચ સભ્યોને ઝડપી લીધા છે.

જે ટોળકીએ ઇન્ફીટી સોલાર પ્રાઈવેટ લિમિટેડ કંપનીની સોલાર પેનલની ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ પર જાહેરાત આપી કંપનીના નામે લોકો સાથે સાયબર ઠગાઈ કરતા હોવાનું ધ્યાનમાં આવ્યું હતું. અને વધુ તપાસ દરમ્યાન ખુલ્યું છે કે આરોપીઓએ આ રીતે ૧૦૦ કરતાં વધુ લોકો સાથે સાયબર ફ્રોડ આચરી, સોલાર પેનલ ખરીદવાના બહાને લોન અપાવી, તે રકમ પોતાના અંગત બેંક ખાતામાં મેળવી હતી. ત્યારબાદ સોલાર પેનલ સ્થાપિત ન કરી, છેતરપિંડીથી મેળવેલ નાણાં પોતાના અંગત લાભ માટે વાપર્યા હતા. ઉપરાંત, આ નાણાં ઠગાઈના હોવાની જાણ હોવા છતાં આરોપીઓએ એકબીજા સાથે સાંઠગાંઠ કરી ગેરકાયદેસર પ્રવૃત્તિ ચાલુ રાખી હતી.આ બાબતે સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા - ૨૦૨૩ની કલમ ૩૧૬(૫), ૩૧૮(૪), ૬૧(૨) તથા ઇન્ફોર્મેશન ટેકનોલોજી એક્ટ - ૨૦૦૦ ની કલમ ૬૬(સી), ૬૬(ડી) મુજબ ગુન્હો નોંધવામાં આવ્યો છે, અને તે ગુન્હામાં હિરેનભાઈ નાથાલાલ લાઠીયા ઉ.વ.૩૭ રહે. તીરૂપતી પાર્ક ૭/બી ઢિંચડા રોડ મુળ રહે.કૃષ્ણકુંજ શેરી નં.૪ હિમાલય સોસયટી જામનગર, ચેતનભાઈ અશોકભાઈ પાણખાણીયા ઉ.વ.૩૬ રહે.નિલકમલ સોસાયટી શેરી નં.૫ ખોડીયાર કોલોની જામનગર, રાહુલભાઈ રાજેન્દ્રપ્રશાદ ભટ્ટ ઉ.વ.૫૨ રહે.૧/૨ મકવાણા સોસાયટી, શાંતિનગર પાછળ હરીયા સ્કૂલની સામે જામનગર અભયભાઈ જીતેન્દ્રભાઈ પરમાર ઉ.વ.૨૮ રહે. ખોડીયાર કોલોની ન્યુ આરામ કોલોની કોળીનો દંગો જામનગર, અને રામજી કમોદસિંઘ લોધી ઉ.વ.૨૫ નોકરી રહે જકાતનાકા પાસે પાર્થ એપાર્ટમેન્ટ ત્રીજો માળ જામનગર મુળ એમપી બક્ષીપુરાની અટકાયત કરી લીધી છે.જેઓ પાસેથી ૧૨ નંગ મોબાઈલ ફોન, બે નંગ સી.પી.યૂ., ૮ નંગ જુદી જુદી બેંકની પાસબુક, ચેકબુક સહિતનું સાહિત્ય કબજે કરાયું છે.

આ પ્રકરણમાં તેઓની સાથે સંકળાયેલા અન્ય છઠ્ઠા આરોપી કાના બૈડીયાવદરાને ફરારી જાહેર કરાયો છે, અને તેની શોધખોળ હાથ ધરવામાં આવી રહી છે.સાયબર ક્રાઇમના પીઆઇ આઇ.એ. ધાસુરાના માર્ગદર્શન હેઠળ સ્ટાફના દર્શીતભાઇ, રાજેશભાઇ વિગેરે દ્વારા ટેકનીકલ એનાલીસીસ અને માહિતી એકત્ર કરી કામગીરી કરવામાં આવી હતી. ઉપરોકત બનાવ પરથી સ્પષ્ટ થાય છે કે કેટલાક તત્વો ઓનલાઇન જાહેરાતો આપી લોકોને વિશ્વાસમાં લઇ તેમના નામે બેંક લોન કરાવી નાણા અંગત ઉપયોગમાં લઇ સોલનાર ફીટીંગ નહી કરાવી સાયબર ફ્રોડ કરે છે જેથી આ પ્રકારની ઓનલાઇન જાહેરાત બાબતે સતર્ક રહેવા અને કોઇપણ જાતની ખરાઇ કર્યા વીના વિશ્વાસ મુકવો નહી અને ઓનલાઇન ચુકવણી કરવી નહી સતર્કતા એ જ સુરક્ષા તેવો પ્રજાજોગ સંદેશ આપ્યો છે.

# જામનગર જિલ્લાની ૩૩ ગૌશાળા-પાંજરાપોળ માટે રૂ.૧.૯૩ કરોડની આર્થિક સહાય મંજૂર

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર કલેકટર કેતન ઠક્કરના અધ્યક્ષ સ્થાને કલેકટર કચેરીના સભાખંડમાં મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના વર્ષ ૨૦૨૫-૨૬ અન્વયે જિલ્લા કક્ષાની સમિતિની દ્વિતીય ત્રિમાસિક બેઠક યોજવામાં આવી હતી. જેમાં કલેકટરશ્રી દ્વારા પાત્રતા ધરાવતી સંસ્થાઓની ગૌમાતા પોષણ યોજના અંતર્ગત આવેલી અરજીઓને ધ્યાને લઈ સહાય માટે મંજૂરી આપવામાં આવી હતી.

આ યોજના અંતર્ગત જુલાઈ -૨૫ થી સપ્ટેમ્બર-૨૫ બીજો હપ્તો વર્ષ ૨૦૨૫-૨૬ ના કુલ ૯૨ દિવસ પ્રમાણે પશુ નિભાવ સહાય માટે આઈ ખેડૂત પોર્ટલ ૨.૦ ઉપર કુલ ૩૪ સંસ્થાઓએ અરજી કરેલ હતી. તે પૈકી જીલ્લા કક્ષાની સમિતિ દ્વારા દૈનિક પશુઓની સંખ્યા ૧૦૦૦ થી ઓછી ધરાવતી કુલ ૩૩ સંસ્થાઓની અરજીઓ મંજૂર કરવામા આવી છે.આમ, જિલ્લામાંથી કુલ ૩૩ સંસ્થાઓના બીજા તબક્કાના કુલ ૬૯૯૩ પશુઓ માટે પ્રતિ દિન રૂ.૩૦.પશુ લેખે કુલ રૂ.૧,૯૩,૦૦,૬૮૦ ની



સહાય મંજૂર કરવામાં આવી અને મંજૂર થયેલ અરજીઓને ચુકવણા માટે ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડ, ગાંધીનગરને મોકલી આપવામાં આવશે.બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી અંકિત પન્નું, નાયબ પશુપાલન નિયામક તેજસ શુક્લ, ઘનિષ્ટ પશુસુધારણા યોજના સમિતિના જીલ્લા કક્ષાના પ્રતિનિધિઓ અને સમિતિના સભ્યો હાજર રહ્યા હતા.

# પીએમ કિસાન યોજના સહિત સરકારી યોજનાઓના લાભ લેવા ફાર્મર આઈડી બનાવવું ફરજિયાત

## ફાર્મર રજીસ્ટ્રેશન નહીં કરાવેલ ખેડૂતોનો પીએમ કિસાન યોજનાના ૨૨માં હપ્તાનો લાભ અટકી શકે છે; સત્વરે રજીસ્ટ્રેશન કરાવવા અનુરોધ

**મુખ્ય સમાચાર, મોરબી**

ભારત સરકારના 'એગ્રીસ્ટેક પ્રોજેક્ટ' હેઠળ હવે ખેડૂતોને પણ આધાર કાર્ડની જેમ ૧૧ આંકડાનો યુનિક ફાર્મર આઈડી આપવામાં આવશે. કૃષિ ક્ષેત્રે ડિજિટલ પરિવર્તન લાવવાના ઉદ્દેશ્ય સાથે શરૂ કરાયેલા આ પ્રોજેક્ટ અંતર્ગત વર્ષ ૨૦૨૪-૨૫ થી તમામ ખેડૂત ખાતેદારોનું રજીસ્ટ્રેશન ફરજિયાત કરવામાં આવ્યું છે.

રાજ્ય અને કેન્દ્ર સરકારની કૃષિ લક્ષી કલ્યાણકારી યોજનાઓનો લાભ ખેડૂતોને સીધો, પારદર્શક અને સમયસર મળે તે માટે આ આઈડી ખૂબ જ જરૂરી છે. વિશેષ કરીને, ભારત સરકાર દ્વારા PM-KISAN યોજનાનો આગામી ૨૨મો હપ્તો મેળવવા માટે ફાર્મર રજીસ્ટ્રેશન કરાવવું ફરજિયાત કરવામાં આવ્યું છે. ખેડૂત મિત્રો જે-તે ગામના VCE/VLE (ઓપરેટર) અથવા નજીકના જનસેવા કેન્દ્ર પર જઈને અથવા ખેડૂત પોતે પણ પોતાના મોબાઈલ દ્વારા gjfr.agristack.gov.in પોર્ટલ પર જઈ સેલ્ફ-રજીસ્ટ્રેશન કરી શકે છે. રજીસ્ટ્રેશન માટે આધાર કાર્ડ, આધાર સાથે લિન્ક થયેલો મોબાઈલ નંબર, જમીનની વિગતો (૭/૧૨ અને ૮-અ ના ઉતારા)સહિતના દસ્તાવેજો સાથે રાખવા જરૂરી છે.

જીલ્લાના તમામ ખેડૂત ખાતેદારોને ભવિષ્યમાં કોઈપણ સરકારી સહાય કે હપ્તા મેળવવામાં અડચણ ન આવે તે માટે વહેલી તકે ફાર્મર રજીસ્ટ્રેશન કરાવી લેવા જીલ્લા ખેતીવાડી વિભાગ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# મોરબીના જેતપર-દેવળીયા રોડ ઉપર ઈકો કારની ઠોકરે બાઇક ચાલક યુવકનું મૃત્યુ

**મુખ્ય સમાચાર, મોરબી**


મોરબી તાલુકાના જેતપર-જુના દેવળીયા રોડ ઉપર માર્ગ અકસ્માતમાં ૧૯ વર્ષીય આશાસ્પદ યુવકનું મૃત્યુ નીપજ્યા અંગેની દુઃખદ ઘટના સામે આવી છે, જેમાં ઈકો કારના ચાલકે પોતાની કાર ફૂલ સ્પીડમાં અને બેદરકારી રીતે ચલાવી સામેથી આવતા બાઇકને ટક્કર મારતા ગંભીર અકસ્માત સર્જાયો જતો, જે અકસ્માતમાં સીરામીક કારખાને જઈ રહેલ બાઇક ચાલક યુવકનું મૃત્યુ નીપજ્યું હતું.

મળતી વિગત અનુસાર, માળીયા(મી) તાલુકાના મોટાભેલા ગામે રહેતા ભરતભાઇ મગનભાઈ સરડવા ઉવ.૪૮ એ મોરબી તાલુકા પોલીસ સમક્ષ આરોપી ઈકો કાર રજી.નં. જીજે-૩૬-એએલ-૧૯૦૯ ના ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે, જેમાં ગત તા.૧૮/૦૧ના રોજ સવારે ફરિયાદી ભરાતભાઈનો પુત્ર મન ભરતભાઇ સરડવા પોતાનું હીરો સ્પ્લેન્ડર પ્લસ રજી.નં.જીજે-૩૬-એઈ-૨૫૨૫ લઈને લોરેન્સ વિટ્રીફાઇડ સીરામીક કારખાને જઈ રહ્યો હોય તે દરમિયાન જેતપર-જુના દેવળીયા રોડ ઉપર સામેથી પુરપાટ ઝડપે આવતી ઈકો કારના ચાલકે પોતાની કાર ગફલતભરી રીતે ચલાવી સ્પ્લેન્ડર બાઇકને ટક્કર મારી હતી.

ત્યારે અકસ્માતમાં બાઇક ચાલક મન સરડવાને માથામાં અને શરીરે ગંભીર ઈજાઓ પહોચતા તેનું મૃત્યુ નીપજ્યું હતું. અકસ્માત સર્જી ઈકો કારનો ચાલક પોતાનું વાહન સ્થળ ઉપર મૂકી નાસી ગયો હતો. હાલ તાલુકા પોલીસે આરોપી ઈકો કારના ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# વાંકાનેરના મેસરીયા ગામે જૂની બોલાચાલીનો ખાર રાખી ઈકો કારની ઠોકર મારી મહિલાને ઇજા પહોંચાડી

**મુખ્ય સમાચાર, મોરબી**



વાંકાનેર તાલુકાના મેસરીયા ગામે અગાઉ થયેલી બોલાચાલીનો ખાર રાખી કુટુંબી દિયરે પોતાની ઈકો કાર હંકારી મહિલાને જાણી જોઈ સાઇડમાંથી અડફેટે લીધી હતી, જેના કારણે મહિલા ગટરમાં પડી જતા સામાન્ય ઇજા પહોંચી હતી. બનાવ બાદ આરોપીએ ગાળો આપી પરિવારના તમામ ઉપર કાર ચડાવી મારી નાખવાની ધમકી આપી હતી. ત્યારે સમગ્ર બનાવ અંગે ભોગ બનનાર પરિવાર દ્વારા વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં આરોપી વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા, પોલીસે ગુનો નોંધી આરોપીની અટકાયત કરવા તજવીજ હાથ ધરી છે.

વાંકાનેર તાલુકાના મેસરીયા કુટુંબી કાકાના દીકરા સાથે થયેલ સામાન્ય બોલાચાલીનો ખાર રાખી એક મહિલાને ઈકો કારથી ઠોકર મારી ઈજા પહોંચાડ્યાનો બનાવ સામે આવ્યો છે. જેમાં મેસરીયા ગામે રહેતા રમેશભાઈ રાજાભાઈ વાળા દ્વારા કરાયેલી ફરિયાદ મુજબ, ગત તા.૧૯/૦૧/૨૦૨૬ના રોજ સાંજના સમયે રમેશભાઇના પત્ની ગૈગરીબેન તેમના ભાઈના ઘરે જઈ રહ્યા હતા ત્યારે રમેશભાઇ કુટુંબી કાકાના દીકરા આરોપી પ્રકાશભાઈ વાલાભાઈ બેડવાએ પોતાની ઈકો કાર લઈને ગૌરીબેનનો પીછો કર્યો હતો. અને ઈકો કારને ફૂલ સ્પીડમાં ચલાવી પાછળથી મહિલાને મારી નાખવાના ઈરાદાથી ઈકો કારની સાઈડમાંથી ટક્કર મારી દેતા, ગૌરીબેન ગટરમાં પડી ગયા હતા. બાદમાં આરોપીએ ગાળો આપીને પરિવારના તમામ સભ્યો ઉપર કાર ચડાવી મારી નાખવાની ધમકી પણ આપી હતી. ત્યારે સમગ્ર ઘટના અંગે રમેશભાઈને જાણ થતાં તેઓ પણ ઘટના સ્થળે પહોચતા આરોપી દ્વારા તેને પણ બેફામ ગાળો આપી હતી. જે બાદ ૧૧૨ નંબર પર કોલ કરાયો હતો અને પોલીસ સ્થળ પર પહોંચી હતી. મહિલાને સામાન્ય ઇજા પહોંચી હોવાથી સારવાર લેવામાં આવી નહોતી. હાલ વાંકાનેર તાલુકા પોલીસે ફરિયાદ આધારે વધુ તપાસ હાથ ધરી છે.

# વાંકાનેરમાં લગ્ન ન થતા મનમાં લાગી આવતા સીરામીક શ્રમિકે ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો

**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેર તાલુકાના ઢુવા ગામની સીમમાં આવેલા સનશાઇન સીરામીકના લેબર ક્વાર્ટરમાં રહેતા ૩૫ વર્ષીય સીરામીક શ્રમિકે લગ્ન ન થતા હોવાના માનસિક તણાવમાં ગળેફાંસો ખાઈ જીવનનો અંત લાવ્યો હતો. વાંકાનેર તાલુકા પોલીસે અ.મોતની નોંધ કરી તપાસ શરૂ કરી છે.

વાંકાનેર તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી માહિતી મુજબ, મૂળ પશ્ચિમ બંગાળના વતની અને હાલ ઢુવા ગામની સીમમાં સનશાઇન સીરામીકના લેબર ક્વાર્ટરમાં રહેતા સંદીપભાઇ સીઓનંદન શર્મા ઉવ.૩૫ના છેલ્લા ઘણા સમયથી પોતાના લગ્ન ન થતા હોવાને કારણે માનસિક તણાવમાં હતા. આ માનસિક સ્થિતિના કારણે સંદીપભાઈએ ગત તા.૧૮/૦૧/૨૦૨૬ના રોજ પોતાના રૂમમાં ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. બનાવની જાણ થતાં તેમને વાંકાનેર સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબે મરણ ગયેલ જાહેર કર્યા હતા. ત્યારે મૃત્યુના બનાવ અંગે વાંકાનેર તાલુકા પોલીસે અ.મોત રજીસ્ટર કરી આગળની તપાસ ચલાવી છે.

# ઝૂંપડાઓમાં ધમધમતી દેશી દારૂની ભઠ્ઠી-સાધનો ઝડપાયા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના વુલન મીલ વિસ્તારમાં આવેલા બાવરીવાસમાં પોલીસે ચાર ઝૂંપડાઓમાં દરોડા પાડી દેશી દારૂ બનાવવાની ચાર ભઠ્ઠી પકડી પાડી હતી. સ્થળ પરથી તૈયાર દારૂ, આથો, ભઠ્ઠીના સાધનો કબજે કરાયા છે.જામનગરના દિગ્જામ વુલન મીલ વિસ્તારમાં આવેલા બાવરીવાસમાં સિટી સી ડિવિઝન પોલીસ સ્ટેશનના સ્ટાફે જયોતિબેન રવિભાઈ કોળી નામના મહિલાના ઝૂંપડામાં દરોડો પાડતા ત્યાંથી દેશી દારૂની ભઠ્ઠી મળી આવી હતી. સ્થળ પરથી ૭૦ લીટર આથો, ૧૦ લીટર તૈયાર દારૂ તથા



ભઠ્ઠીના સાધનો મળી આવ્યા હતા. ત્યાં જ આવેલા રેશ્માબેન વિક્રમભાઈ કોળીના ઝૂંપડામાંથી પણ ચાલુ ભઠ્ઠી મળી આવી હતી. ૧૧૦ લીટર આથો, ૧૫ લીટર દેશી દારૂ તથા ભઠ્ઠીના સાધનો ઝબ્બે લેવાયા છે. નજીકમાં આવેલા કેસરી રામપ્રસાદ પરમારના ઝૂંપડામાંથી દેશી દારૂ બનાવવાની ચાલુ ભઠ્ઠી પકડી લેવામાં આવી છે. ૯૦ લીટર આથો, ૧૦ લીટર તૈયાર દારૂ, ભઠ્ઠીના સાધનો કબજે થયા છે. પૂજાબેન લખનભાઈ કોળી નામના મહિલાના ઝૂંપડામાંથી ભઠ્ઠી ઉપરાંત ૧૧૦ લીટર આથો, ૧૦ લીટર તૈયાર દારૂ કબજે કરાયો છે. ચારેય મહિલા સામે ગુન્હો નોંધી પોલીસે તેઓની શોધ હાથ ધરી છે.

# સોમવારે રાજકોટ જીવનનગરમાં પ્રજાસત્તાક પર્વની શાનદાર ઉજવણી થશે

## વિજ્ઞાન જાથા અને જીવનનગર વિકાસ સમિતિના ઉપક્રમે સોમવારે ૭૭ માં પ્રજાસત્તાક પર્વની શાનદાર ઉજવણી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

અમદાવાદ ભારત જન વિજ્ઞાન જાથાના સહયોગથી જીવનનગર વિકાસ સમિતિ, વોર્ડ નં. ૧૦ જાગૃત નાગરિક મંડળ, મહાદેવધામ સમિતિ, મહિલા મંડળના સંયુક્ત ઉપક્રમે ૭૭ માં પ્રજાસત્તાક પર્વની આન-બાન-શાનથી ઉજવણી કરવામાં આવશે. રાષ્ટ્રીય એકતા રેલી, મશાલ સરઘસ, વિવિધ સ્પર્ધાઓ, વેશભૂષા સહિત અનેકવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. સોમવાર સવારે ૯ કલાકે ધ્વજવંદન સાથે સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે.

જાથાના ચેરમેન-એડવોકેટ જયંત પંડયાએ જણાવ્યું કે જીવનનગરમાં સતત ૪૫ માં વર્ષે રાષ્ટ્રીય પર્વની ઉજવણી થશે. જેમાં રાજમાર્ગો ઉપર રેલીમાં દેશપ્રેમ-દેશદાઝના સુત્રોચ્ચાર, વેશભૂષા સાથે છાત્ર-છાત્રાઓ, વાલી, રહીશો નીકળી પર્વની ઉજવણી કરશે. સાંસ્કૃતિક કાર્યક્રમો સાથે સ્પર્ધાના વિજેતાઓને ઈનામો આપવામાં આવશે.

મંદિરના સહવ્યવસ્થાપક સુનિતાબેન વ્યાસ, વિનોદરાય ભટ્ટ સુશોભન, રંગોળી, શૌર્યગીત, વેશભૂષા સહિત કાર્યક્રમોની તૈયારી કરશે. અનિલ જ્ઞાન મંદિરના છાત્ર-છાત્રાઓ રેલીમાં ભાગ લેવાના છે.

ધ્વજવંદન સમારોહમાં વોર્ડ નં. ૧૦ ના નગરસેવકો નિરૂભા વાઘેલા, ચેતનભાઈ સુરેજા, જયોત્સનાબેન ટીલાળા, ડૉ. રાજેશ્રીબેન ડોડિયા, પૂર્વ કોર્પોરેટર પરેશભાઈ હુંબલ, અશ્વિનભાઈ ભોરણીયા, પ્રભારી રઘુભાઈ ધોળકીયા, પ્રમુખ જયેશભાઈ ચોવટીયા, મહામંત્રી અનિરૂદ્ધભાઈ મૈયાત્રા, મનીષભાઈ ડેડકીયા, ઉપપ્રમુખ મેહુલભાઈ નથવાણી, અશ્વિનભાઈ કોરાટ, મહેન્દ્રસિંહ ચુડાસમા, મંત્રી વિપુલ પંડયા, ઉપરાંત આગેવાનોમાં કેતનભાઈ મકવાણા, ભાવેશ બુંદેલા, દર્શિત જોષી, ડૉ. આશિષ મકવાણા, શ્યામભાઈ ડાભી, રત્નદિપસિંહ જાડેજા, વિનોદરાય ભટ્ટ હાજરી આપશે.

પર્વની તૈયારી સમિતિના ઉપપ્રમુખ મુકેશભાઈ પોપટ, ડો. તેજસ ચોકસી, પાર્થ ગોહેલ, વિજયભાઈ જોબનપુત્રા, અંકલેશ ગોહિલ, રવિ પરબતાણી, પંકજભાઈ મહેતા, વિનુભાઈ ભટ્ટ, મહિલા મંડળના સુનિતાબેન વ્યાસ, આશાબેન મજેઠીયા, શોભનાબેન ભાણવડિયા, યોગિતાબેન જોબનપુત્રા, ભારતીબેન ગંગદેવ, હર્ષાબેન પંડયા વકીલ, ભારતીબેન રાવલ, કિર્તીબેન કગથરા, ભક્તિબેન ખખ્ખર, પ્રફુલ્લાબેન બોરીચા, ભદ્રાબેન ગોહેલ, રહીશો જહેમત ઉઠાવી રહ્યા છે.

# રાજ્યકક્ષાના દિવ્યાંગ પારિતોષક માટે રાજકોટ જિલ્લાના ઉમેદવારો પાસેથી અરજીઓ મગાવાઈ

## અરજદારો ૨૭મી ફેબ્રુઆરી સુધીમાં અરજી મોકલાવી શકશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

વર્ષ ૨૦૨૫ના રાજ્યકક્ષાના દિવ્યાંગ પારિતોષિકો માટે રાજકોટ જિલ્લાના ઉમેદવારો પાસેથી અરજી મગાવવામાં આવી છે. ઉમેદવારોએ અરજી બે નકલમાં ૨૭મી ફેબ્રુઆરી સુધીમાં મળી જાય તે રીતે ટપાલ અથવા રૂબરૂ મદદનીશ નિયામક (રોજગાર)ને મોકલી આપવાની રહેશે.

આ પારિતોષિક ત્રણ શ્રેણીમાં અપાશે. (૧) શ્રેષ્ઠ કાર્યક્ષમ દિવ્યાંગ કર્મચારીઓ/ સ્વ રોજગાર કરતી દિવ્યાંગ વ્યક્તિઓ (૨) દિવ્યાંગોને નોકરીએ રાખનારા શ્રેષ્ઠ નોકરીદાતા (૩) દિવ્યાંગ વ્યક્તિઓના પ્લેસમેન્ટનું કામ કરતા ઓફિસર્સ. અરજીનો નમૂનો ખાતાની વેબસાઈટ anubandham.gujarat.gov.in/notice-board થી અથવા મદદનીશ નિયામક (રોજગાર) કચેરી રાજકોટ ખાતેથી વિનામૂલ્યે મળી શકશે. અરજી સાથે ઉમેદવારોએ શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રો, છેલ્લા ત્રણ માસની અંદરનું દાક્તરી પ્રમાણપત્ર અને અન્ય સંબંધિત તમામ પ્રમાણપત્રો, દિવ્યાંગતા દર્શાવતા પોસ્ટકાર્ડ સાઇઝના ફોટો બિડાણમાં જોડવાના રહેશે. નોકરીદાતા તથા પ્લેસમેન્ટ ઓફિસરે પણ પૂરેપૂરી વિગતો સાથે સંબંધિત બિડાણો જોડવાના રહેશે. અધૂરી વિગતવાળી કે નિયત સમય મર્યાદા બાદ આવેલી અરજી સ્વીકારવામાં નહીં આવે તેમ મદદનીશ નિયામક (રોજગાર)શ્રીની યાદીમાં જણાવાયું છે.

# સરગમ કલબ દ્વારા બોલીવુડ મ્યૂઝિકલ નાઈટ યોજાઈ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

સરગમ ક્લબ ના ઉપક્રમે તારીખ ૧૫-૧-૨૦૨૬ ગુરુવાર ના રોજ હેમુગઢવી નાટ્યગૃહ માં સરગમ ક્લબ દ્વારા આમંત્રિતો માટે ભવ્ય બોલીવુડ મ્યૂઝિકલ નાઈટ નું આયોજન કરેલ, મન્સૂર ત્રિવેદી પ્રસ્તુત મેલોડી કલર્સ ના સથવારે કલાકારો કૌસ્તંભ એ. કુંજ (મદ્રાસ)ક્લાસિકલ વોઈસ ઓફ ઈન્ડિયા અને ઈશિતા વિશ્વકર્મા (મુંબઈ) સારેગામાપા વિનર અને ઈન્ડિયા ગોટ ટેલેન્ટ વિનર પોતાની કલા રજૂ કરીને પ્રેક્ષકો ને મંત્રમુગ્ધ કરી દીધેલ.

આ કાર્યક્રમ માં દીપ પ્રાગટ્ય વજુભાઈ વાળા એ કરેલ તેમજ અતિથિ વિશેષ તરીકે ધારાસભ્ય રમેશભાઈ ટીલારા તેમજ લંડન નિવાશી માં કૃપા ફાઉંડેશનના ટ્રસ્ટી જયંતિભાઈ ખગ્રામ અને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના ડી. જી. એમ. રાજેશજી અને આનંદબેન આશુતોષ અને સરગમ લેડિઝ ક્લબ નિલુબેન મહેતા ઉપસ્થિત રહેલ. આ કાર્યક્રમ માં અમોને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાનો સહયોગ મળેલ.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ગુણવંતભાઈ ડેલાવાળાના માર્ગદર્શન હેઠળ ભરતભાઈ સોલંકી, રાજેન્દ્રભાઈ શેઠ, જયપાલસિંહ ઝાલા, સુરેશભાઈ દેત્રોજા, ધીરુભાઈ હીરાણી, અલ્કાબેન કામદાર, ગીતાબેન હિરાણી, વૈશાલીબેન શાહ વગેરે એ જહેમત ઉઠાવેલ.

# રાજકોટ--ગાંધીનગર એસ.ટી.ની એ.સી બસ સેવાનો શુભારંભ કરાવતા ધારાસભ્ય દર્શિતાબેન શાહ અને રમેશભાઈ ટીલાળા



**મુખ્ય સમાચાર, રાજકોટ**

મુસાફરોની સુવિધા અને વધતી માંગને ધ્યાનમાં રાખીને ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ દ્વારા રાજકોટ-ગાંધીનગર વચ્ચે નવી એ.સી. સીટીંગ બસ સેવાની શરૂઆત કરવામાં આવી છે, જેનું લોકાર્પણ ધારાસભ્ય દર્શિતાબેન શાહ અને રમેશભાઈ ટીલાળા દ્વારા લીલી ઝંડી બતાવી કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ધારાસભ્ય શ્રી દર્શિતાબેન શાહે જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીની સરકારનો મુખ્ય ઉદ્દેશ છે કે જ્યાં માનવી ત્યાં સુવિધા. રાજ્ય સરકારની એસ.ટી. બસો સુવિધાસભર અને સલામત છે હું ખુદ ગાંધીનગર જતી વખતે એસટી બસની સેવાનો ઉપયોગ કરું છું. ગુજરાત એસ.ટી. નિગમ દ્વારા રાજકોટ બસ પોર્ટ ખાતે મુસાફરોની સુવિધા માટે રાજકોટ બસ સ્ટેશન ખાતે નવી પૂછપરછ બારી પણ શરૂ કરાઈ છે, જેનો મુસાફરોને લાભ લેવા મારો ખાસ અનુરોધ છે.

આ પ્રસંગે ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાએ જણાવ્યું હતું કે, રાજકોટથી ગાંધીનગર વચ્ચે ચાર વોલ્વો બસ સેવા ચાલુ છે, ત્યારે આજથી પાંચમી એ.સી. બસ સેવાની શરૂઆત કરવામાં આવી છે. આ તકે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીનો રાજકોટની જનતા વતી આભાર વ્યક્ત કરું છું કે લોકલાગણીને ધ્યાને રાખીને આ બસ સેવા શરૂ કરાવી. અત્યાર સુધી વોલ્વો બસ સેવા સવાર સાંજના ચાલુ હતી, જે હવે બપોરના પણ શરૂ થઈ ગઈ છે. જેથી મુસાફરો કોઈ પણ સમયે રાજકોટ-ગાંધીનગર આવ-જા કરી શકશે.

આ બસ સેવા ચોટીલા હાઈવે, સાયલા, લીંબડી, બગોદરા, ઇસ્કોન, નેહરુનગર અને રાણીપ માર્ગે પસાર થઈ ગાંધીનગર પહોંચશે. રાજકોટથી દરરોજ સાંજે ૪ કલાકે પ્રસ્થાન કરી રાત્રે ૯ કલાકે ગાંધીનગર પહોંચશે, જ્યારે ગાંધીનગરથી સવારે ૭:૩૦ કલાકે પ્રસ્થાન કરી બપોરે ૧૨:૩૦ કલાકે રાજકોટ પહોંચશે, જેનું એક તરફનું ભાડું રૂ. ૪૫૨ રહેશે. સાંજના સમયે પણ ગાંધીનગર સુધી એ.સી. બસનો વિકલ્પ ઉપલબ્ધ બનતાં નોકરીયાત વર્ગ, વિદ્યાર્થીઓ તેમજ પ્રવાસીઓને વિશેષ લાભ મળશે.

આ તકે પ્રવાસી બંસી સવાણીએ ખુશી વ્યક્ત કરતાં કહ્યું હતું કે, હું નિરમા યુનિવર્સિટીમાં ઈલેક્ટ્રોનિક્સ એન્ડ કમ્યુનિકેશનમાં અભ્યાસ કરું છું, હું મોટા ભાગે એસ.ટી.ની બસ દ્વારા જ મુસાફરી કરું છું.આ બસનો સમય એકદમ યોગ્ય છે, સિટિંગ અરેંજમેન્ટ કમ્ફર્ટેબલ છે, એ.સી. પણ નોર્મલ હોય છે તેમજ કેમેરા હોવાથી વધુ સુરક્ષિતતા અનુભવાય છે અને ચાર્જિંગની સુવિધા પણ છે, સ્વચ્છતા અને મહિલાઓ માટેની સિટિંગ વ્યવસ્થા એકદમ સરસ છે.

આ અવસરે રાજકોટ એસ. ટી વિભાગ નિયામક એચ. એસ. જોશી, રાજકોટ એસ. ટી. ડેપો મેનેજર (વોલ્વો) એન. વી. ઠુંમર, રાજકોટ એસ.ટી. ડેપો મેનેજર ઘનશ્યામ ચગ તેમજ વિવિધ વિભાગના અધિકારીઓ કર્મચારીઓ અને મુસાફરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# મોરબી મનપાની યુ.સી.ડી. શાખામાં શેરી ફેરિયાઓ પી.એમ. સ્વનિધિ યોજનાની ઑનલાઇન અરજી કરી શકશે




## કોઈ પણ પ્રકારની સિક્યુરિટી વગર શેરી ફેરિયાઓને બેંક દ્વારા લઘુ ધિરાણ, આજીવિકા વધારવાનો અવસર

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી શહેરના શેરી ફેરિયાઓ માટે કેન્દ્ર સરકારની પી.એમ. સ્ટ્રીટ વેન્ડર્સ આત્મનિર્ભર નિધિ (પી.એમ. સ્વનિધિ) યોજના અમલમાં છે. આ યોજના અંતર્ગત શેરી ફેરિયાઓને કોઈ પણ પ્રકારની ગેરંટી વિના બેંક દ્વારા લઘુ ધિરાણ આપવામાં આવશે. પ્રથમ તબક્કામાં રૂ. ૧૫,૦૦૦ સુધીની લોન, નિયમિત ભરપાઈ પર વ્યાજ સહાય તથા ડિજિટલ ટ્રાન્ઝેક્શન પર કેશબેકનો લાભ મળશે. યોજનાનો લાભ લેવા માટે મોરબી મહાનગરપાલિકાની યુ.સી.ડી. શાખા ખાતે ઑનલાઇન અરજી કરી શકાશે.

મોરબી શહેરના શેરી ફેરિયાઓ પોતાની આજીવિકા મજબૂત બનાવી શકે અને વ્યવસાયને વધુ સારી રીતે આગળ ધપાવી શકે તે હેતુથી કેન્દ્ર સરકાર દ્વારા પી.એમ. સ્ટ્રીટ વેન્ડર્સ આત્મનિર્ભર નિધિ (પી.એમ. સ્વનિધિ) યોજના અમલમાં મૂકવામાં આવી છે. આ યોજના અંતર્ગત શહેરી વિસ્તારમાં શેરી ફેરી પ્રવૃતિ કરતાં લોકોને કોઈ પણ પ્રકારની સિક્યુરિટી વગર બેંક દ્વારા લઘુ ધિરાણ આપવામાં આવે છે. મોરબી મહાનગરપાલિકા વિસ્તારમાં વસવાટ કરતાં અને શેરી ફેરિયાઓ તરીકે પોતાનું ગુજરાન ચલાવતા લોકોને આ યોજના દ્વારા વર્કિંગ કેપિટલ લોન આપવામાં આવશે. પ્રથમ તબક્કામાં રૂ.૧૫,૦૦૦ની લોન મળશે, જેની નિયમિત અથવા સમય પહેલાં ભરપાઈ કરવાથી વાર્ષિક ૭ ટકા વ્યાજ સહાયનો લાભ મળશે. સાથે સાથે ડિજિટલ નાણાંકીય લેવડ-દેવડ પર માસિક રૂ.૧૦૦ અને વાર્ષિક મહત્તમ રૂ.૧,૬૦૦ સુધીનું કેશબેક પણ મળવા પાત્ર રહેશે.

પ્રથમ લોનની ભરપાઈ થયા બાદ રૂ.૨૫,૦૦૦ની દ્વિતીય લોન તથા ત્યારબાદ રૂ.૫૦,૦૦૦ની તૃતીય લોન મળવા પાત્ર રહેશે. આ તમામ તબક્કા પૂર્ણ થયા પછી શેરી ફેરિયાને રૂ.૩૦,૦૦૦નું ક્રેડિટ કાર્ડ પણ આપવામાં આવશે. નોંધપાત્ર વાત એ છે કે ઉપરોક્ત કોઈ પણ લોન માટે કોઈ પણ પ્રકારની સિક્યુરિટી આપવાની રહેશે નહીં. યોજનાની અરજી સંપૂર્ણપણે ઑનલાઇન રહેશે, જે www.pmsvanidhi.mohuda.gov.in વેબસાઈટ પર કરી શકાશે. લાભ લેવા ઇચ્છુક શેરી ફેરિયાઓએ આધારકાર્ડ, વેન્ડર કાર્ડ, બેંક પાસબુક, આધાર સાથે લિન્ક થયેલ મોબાઈલ નંબર તથા UPI ID (ફોનપે/ગૂગલપે) સાથે મોરબી મહાનગરપાલિકાની કચેરી, ખારાકૂવા શેરી સ્થિત સહયોગ કોમ્પ્લેક્ષમાં આવેલી ડે.એન.યુ.એલ.એમ./યુ.સી.ડી. શાખાનો સવારે ૧૦:૩૦થી સાંજે ૬:૧૦ વાગ્યા સુધી સંપર્ક કરી શકશે. ઉપરાંત નજીકના CSC સેન્ટર પરથી પણ અરજી કરી શકાશે.

મોરબી મહાનગરપાલિકાની યુ.સી.ડી. શાખાના મેનેજરના જણાવ્યા અનુસાર, વધુમાં વધુ શેરી ફેરિયાઓ આ યોજનાનો લાભ લઈ આત્મનિર્ભર બને તે માટે પાલિકા દ્વારા જરૂરી માર્ગદર્શન અને સહાય પૂરી પાડવામાં આવશે.

# રાજકોટ જિલ્લાના ૧૦૮ જેટલા સ્થળોને "નો ડ્રોન ઝોન" જાહેર કરાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લા વિસ્તારમાં સુરક્ષા અર્થે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ શ્રી એન.કે.મુછાર દ્વારા રાજકોટ જિલ્લામાં આવેલ સરકારી કચેરીઓ, સબ સ્ટેશનો, મંદિર, મસ્જિદ, બજાર, ડેમ સાઈટ, પુલ, વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ જેવા ૧૦૮ સ્થળો પર યુ.એ.વી કે જેમાં રીમોટ કંટ્રોલ સંચાલિત કેમેરા લગાડેલ ડ્રોન કે રીમોટ કંટ્રોલ સંચાલિત એરીયલ મિસાઈલ, હેલીકોપ્ટર કે પેરાગ્લાઈડર, રીમોટ કંટ્રોલ સંચાલિત માઈક્રોલાઈટ એરક્રાફટના ઉપયોગ પર પ્રતિબંધ ફરમાવી આ સ્થળોને "નો ડ્રોન ઝોન" જાહેર કરવામાં આવ્યા છે.

સરકારી વિભાગો, પોલીસ વિભાગ અને સુરક્ષા બળોને આ આદેશ લાગુ પડશે નહીં. જુદા-જુદા કારણોસર ડ્રોનથી શૂટિંગ કરવા પોલીસ અધિક્ષક કે તેઓ દ્વારા અધિકૃત પોલીસ સબ ઈન્સ્પેક્ટર રેન્કના પોલીસ અધિકારી પરવાનગી આપી શકશે. આ આદેશોનો અમલ રાજકોટ જિલ્લાના તમામ ગ્રામ્ય વિસ્તારમાં તા.૨૮.૦૨.૨૦૨૬ સુધી કરવાનો રહેશે, જેનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.

# સ્વ. હરેશભાઈ વીંછીના સ્મરણાર્થે વીંછી પરિવાર દ્વારા જીવદયા કાર્ય

## પશુ-પક્ષીઓને ચણ, ઘાસચારો, કીડીયારૂ પુરાયુ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

સ્વ. હરેશભાઈ વીંછીના સ્મરણાર્થે તા. ૧૮/૧/૨૬નાં ભોજ શ્રધ્ધાંજલી સાથે ૫ મકાઈના બાચકા ખીસકોલીઓને, રોટલીઃ ઘાસચારો ગૌ-માતાઓને, ૨૦ કીલો કીડીયારુ, ૮ લીટર દૂધ તથા ૨૦૦ રોટલી શ્વાનોને, ૬૦ કીલો મકાઈનું ચણ કબૂતરોને અર્પણ કરવામાં આવેલ.

આ કાર્ય માટે અંજનાબેન વીંછી, સોનલબેન મેહુલભાઈ આશરા, દ્રષ્ટિબેન વીંછી તથા સમગ્ર વીંછી પરિવારનો સહકાર પ્રાપ્ત થયેલ તેમજ માનસીબેન અશોકભાઈ પારેખ હસ્તે રીટાબેન દોશીનો સહકાર પ્રાપ્ત થયેલ. સર્વે દ્વારા હનુમાન ચાલીશાના પાઠ કરાયા અને એક મિનીટ મૌન સાથે શ્રધ્ધાંજલી અર્પણ કરાઈ હતી.

# શ્રી મોઢવાણિક સમાજ દ્વારા વિદ્યોતેજક સમારંભ યોજાયો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શ્રી મોઢ વણિક સમાજ-રાજકોટ દવારા તા.૧૮ રવિવાર ના મોઢવણિક વિર્ધાથી ભવન, રાજકોટ ખાતે વર્ષ ૨૦૨૪-૨૫ ના વિર્ધાથીઓ માટે વિધોતેજક સમારંભનું આયોજન કરવામાં આવેલ હતું.

આ કાર્યક્રમમાં સમારંભના પ્રમુખ સ્થાન રમેશભાઈ જીવાણી (આર.બી.જીવાણ) એ શોભાવેલ હતું. તથા સમારંભના મૂખ્ય મહેમાનઓમાં યોગેશભાઈ શાહ (લંડનવાળા), હેમલભાઈ મોદી (જાણીતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ), પ્રશાંતભાઈ ગાંગડીયા (જાણીતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ),ડો. હેતલભાઈ બખાઈ (આંખના સર્જન), ડો.નિમિષભાઈ પરીખ (ડેન્ટલ સર્જન), ડો.હિર્વિતાબેન મણીયાર/તલસાણીયા (ડેન્ટલ સર્જન-રૂટકેનાલના સ્પેશ્યાલિસ્ટ), ડો.પ્રો. નિરવભાઈ પી. મણીયાર હાજર રહી કાર્યક્રમની શોભા વધારી હતી.

કાર્યક્રમ સાંજે ૬.૦૦ વાગ્યે શરૂ કરવામાં આવેલ હતો, કાર્યક્રમની શરૂઆત સમાજના યુવા ટ્રસ્ટી શ્રેયાંશભાઈ મહેતાના સ્વાગત પ્રવચન થી થયેલ હતી ત્યારબાદ દિપ પ્રાગટય બાદ કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવેલ હતો. તેમજ ડાયસ પરના સર્વે મહાનુભાવોનું શિલ્ડ તથા પુષ્પગુચ્છ દવારા સન્માનની સાથે મહેમાનોનો પરિચય આપવામાં આવેલ હતો.

સમારંભના મૂખ્ય મહેમાન ડો.પ્રો.નિરવભાઈ મણીયારે અભ્યાસના મહત્વ વિશે ઉપસ્થિત જ્ઞાતીજનો સાથે સુંદર રીતે વિચાર વિમસ કરેલ હતું. તેમજ પ્રશાંતભાઈ ગાંગડીયાએ ફાયનાન્સીયલ લીટરસી વિષે સુંદર સમજુતી જ્ઞાતીજનોને આપેલ હતી.

શિલ્ડ વિતરણની શરૂઆત કોલેજ કક્ષાના વિર્ધાથીઓના શિલ્ડ વિતરણ થી થયેલ હતી. જેમાં ..-૧, ડોકટર કક્ષાના-૪, સી.એ.-૧, એમ.ટેક. -૧, એમ.બી.એ.-૨, એમ.એસ.સી.-આઈ.ટી.-૧, બી.ટેક.-૪,એલ.એલ.બી.-૧,બી.બી.એ.-૫, બી.સી.એ.-૨, બી.કોમ.-૧, બી.એ.-૨ ના વિર્ધાથીઓને શિલ્ડ એનાયત કરવામાં આવેલ હતા. આ ઉપરાંત ધો.૧ થી ૧૨ અંગ્રેજી/ગુજરાતી માધ્યમના પ્રથમ ત્રણ નંબર મેળવતા વિર્ધાથીઓને શિલ્ડ એનાયત કરવામાં આવેલ હતા. અને જે વિર્ધાથીઓને શિલ્ડ એનાયત પ્રાપ્ત થયાન હતા તેઓને કોન્સોલેશન ગીફટ આપવામાં આવેલ હતી. સમગ્ર કાર્યક્રમ દરમ્યાન ૧૦ શીલ્ડ વિર્ધાથીઓને તથા આશરે ૯૦ વિર્ધાથીઓને આશ્વાસન ભેટ આપવામાં આવેલ હતી. આ કાર્યક્રમ માં બહોળી સંખ્યામાં જ્ઞાતીજનો હાજર રહી કાર્યક્રમ ને દિપાવ્યો હતો. એનાયત કરવામાં આવેલ હતા.

કાર્યક્રમની આભાર વીધિ સમાજના મંત્રી અતુલભાઈ પારેખે કરી હતી. તથા સમારંભનું સંચાલન સમાજના મહામંત્રી ડો.અતુલભાઈ વોરા તથા ડો. ફાલ્ગુનીબેન કલ્યાણીએ કરેલ હતું.

કાર્યક્રમની સફળતા માટે ટ્રસ્ટી ધમેર્શભાઈ શેઠ, સંજયભાઈ મણીયાર, નીતિનભાઈ મણીયાર, યોગેશભાઈ પારેખ, શ્રેયાશભાઈ મહેતા, અતુલભાઈ પારેખ, અતુલભાઈ વોરા, ચંન્દ્રકાંત (કાકુભાઈ) મહેતા, દિપકભાઈ મહેતા, ધીરૂભાઈ મહેતા, કેતનભાઈ (ગોપાલભાઈ) વોરા, તથા ભાગ્યેશભાઈ વોરા, કેતનભાઈ પારેખ, કમલેશભાઈ પારેખ, અશ્વીનભાઈ વડોદરીયા, નીતિનભાઈ વોરા, કેતનભાઈ મેસ્વાણી, જશુભાઈ મહેતા,પીયુષભાઈ પટેલ, દર્શીતભાઈ વોરા, અંકિતભાઈ મહેતા, નીલેષભાઈ મહેતા, પ્રતાપભાઈ દોશી, મુન્નાભાઈ મહેતા,મીરાબેન મહેતા,છાયાબેન વજરીયા, ક્રિષ્નાબેન મણીયાર, નીધ્ધીબેન વોરા, રીયાબેન મણીયાર તેમજ નામી અનામી જ્ઞાતીબંધુઓએ ભારે જહેમત ઉઠાવી હતી. આમ સર્વે જ્ઞાતીબંધુઓ અલ્પાહાર લઈને છુટ્ટા પડેલ હતા.

# રામગઢ(કોયલી) ગામે ખેત શ્રમિકની ૧૨ વર્ષીય દીકરીનું અપહરણ, પોલીસ તપાસ શરૂ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી તાલુકાના રામગઢ(કોયલી) ગામે રહેતા ખેત શ્રમિક પરિવારની ૧૨ વર્ષીય દીકરી વાડીના રૂમમાંથી રહસ્યમય રીતે ગાયબ થતા અપહરણની ફરિયાદ નોંધાઈ છે. દીકરીની લાંબી શોધખોળ બાદ પણ કોઈ સગડ ન મળતા પિતાએ અજાણ્યા ઈસમ સામે ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

મોરબી તાલુકાના રામગઢ(કોયલી) ગામે રહેતા અને મૂળ છોટાઉદેપુર જીલ્લાના વતની ખેત શ્રમિક પરિવારની ૧૨ વર્ષીય દીકરી ગઈ તા.૨૪/૧૨/૨૦૨૫ના રોજ પરિવાર સાથે વાડીના રૂમમાં સૂઈ હતી. વહેલી સવારે આશરે ચાર વાગ્યે દીકરીની માતા જાગી ત્યારે દીકરી પોતાની પથારીમાં ન હોવાનું સામે આવ્યું હતું. ત્યારબાદ પરિવારજનોએ વાડીની આસપાસ તેમજ ગામમાં શોધખોળ કરી હતી, પરંતુ દીકરી ક્યાંય મળી આવી નહોતી. બાદમાં પરિવાર દ્વારા પોતાના વતન તેમજ સગા-સંબંધીઓના ઘરે પણ તપાસ કરવામાં આવી હતી, છતાં દીકરીના કોઈ સગડ ન મળતા આખરે મોરબી તાલુકા પોલીસ મથકે અજાણ્યા ઈસમ દ્વારા બાળકીનું અપહરણ કરવામાં આવ્યું હોવાની શંકા વ્યક્ત કરી ફરિયાદ નોંધાવવામાં આવી હતી. ફરિયાદના આધારે પોલીસે ૧૨ વર્ષીય બાળકીના અપહરણનો ગુનો નોંધી વિવિધ દિશામાં તપાસ હાથ ધરી છે.

# બિનવારસી બાળકના વાલીવારસની શોધખોળ અંગે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શાપર(વેરાવળ) પો.સ્ટે. વિસ્તારમાં તા.૧૮/૦૧/૨૦૨૬ના રોજ શાપર પાટીયાના પુલ નીચે લાલ રંગની પ્લાસ્ટિકની થેલીમાં આશરે દોઢથી બે મહિનાનું બિનવારસી બાળક મળી આવેલ છે. બાળકના વાલીવારસ બાબતે કોઈ જાણકારી મળે તો તુરંત પોલીસ કંન્ટ્રોલ રૂમ રાજકોટ ગ્રામ્યના નં. ૭૪૩૩૯૧૧૦૦૦, રાજકોટ તથા શાપર વે. પોલીસ સ્ટેશન નં. ૬૩૫૯૬૨૫૭૩૦ પર સંપર્ક કરવા એમ.ઓ.બી. શાખા, રાજકોટ ગ્રામ્યની અખબારી યાદીમાં જણાવાયું છે.

# લાપતા પતિની પોલીસ ગુમશુદા ફરિયાદ લેતી નહી હોવાના આક્ષેપ સાથે નવોઢાએ ફિનાઈલ ગટગટાવ્યું

## પતિ ત્રણ દિવસથી સસરાના ઘરેથી લાપતા થયો' તો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના નાના મવા સર્કલ નજીક આવાસ કવાર્ટરમાં રહેતી નવોઢાએ ફિનાઈલ પી આપઘાતનો પ્રયાસ કરી લેતા તેણીને સારવાર માટે ખસેડવામાં આવી છે. પતિ ત્રણ દિવસથી સસરાના ઘરેથી લાપતા થઈ ગયો હોય જે અંગે થોરાળા પોલીસ ગુમસુદા ફરિયાદ લેતી ન હોવાથી આ પગલુ ભરી લીધાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો.

જાણવા મળતી વિગત મુજબ નાનામવા સર્કલ પાસે આવેલા આવાસ યોજના કવાર્ટરમાં રહેતી દીપાલી ધ્રુવભાઈ પારીયા (ઉ.વ.૨૦)નામની નવોઢાએ આજે સવારે પોતાના ઘરે ફિનાઈલ પી લેતા તેણીને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે. આ અંગે સિવિલ ચોકીના સ્ટાફે પ્રાથમિક નોંધ કરી તાલુકા પોલીસને જાણ કરતા પોલીસે હોસ્પિટલે દોડી જઈ નવોઢાનું નિવેદન નોંધવા તજવીજ હાથ ધરી છે.

પ્રાથમિક તપાસમાં દીપાલીએ દોઢ વર્ષ પહેલા ધ્રુવ સાથે પ્રેમલગ્ન કર્યા છે અને પતિ પેટ્રોલ પંપમાં મેનેજર તરીકે નોકરી કરે છે. ત્રણ દિવસ પહેલા પતિ થોરાળામાં રહેતા તેના સસરાના ઘરેથી કયાક ચાલ્યો ગયો હોય જેથી તેણી થોરાળા પોલીસમાં પતિની ગુમસુદા ફરિયાદ નોંધાવવા ગઈ હતી જો કે, પોલીસે ૨૪ કલાકમાં આવી જશે તેમ કહી ફરિયાદ લીધી ન હતી અને ત્રણ દિવસ થવા છતા પતિ હજુ આવ્યો ન હોય અને પોલીસ ગુમસુદા લેતી ન હોવાથી તેણીએ આપઘાતનો પ્રયાસ કર્યાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. આ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# એટ્રોસિટી તથા ખુનની કોશિશના ગુન્હામાં આરોપીઓના ચાર્જશીટ પહેલા જામીન મંજુર કરતી ગોંડલ સેશન્સ કોર્ટ

## આ કેસમાં બન્ને આરોપીઓ વતી રાજકોટના વકીલ રૂપરાજસિંહ પરમાર, અજીતભાઈ પરમાર, હુસૈનભાઈ હેરંજા, રવિભાઈ લાલ, જયદેવસિંહ ઝાલા, પાર્થરાજસિંહ ઝાલા, જીતભાઈ શાહ, દિપકભાઈ ભાટિયા, અંકિતભાઈ ભટ્ટ, રહિમભાઈ હેરંજા તથા પ્રેમરાજસિંહ પરમાર રોકાયેલ હતા



રૂપરાજસિંહ પરમાર
(મૂળ ફરિયાદી ના એડવોકેટે)

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ફરીયાદી મુકેશભાઈ નાજાભાઈ રાઠોડ બનાવના દિવસે તારીખ ૨૭/૧૧/૨૦૨૫ના રોજ શાપર-વેરાવળ ખાતે માઈક્રોમેલ્ટના ગેઈટ પાસે આવેલ ખેતલાઆપા ચાની હોટલે ચા પીધા બાદ પોતાના ઘર તરફ પરત જઈ રહેલા હતા ત્યારે માઈક્રોમેલ્ટના ગેઈટની ગોળાઈ પાસે ફરીયાદીના ઘરની બાજુમાં રહેતા આરોપીઓ ધના ગઢવી, ભોજાભાઈ ગઢવી તથા મેઘાભાઈ ગઢવીએ ઘર સામે ચાલવા બાબતે અગાઉ થયેલ બોલા-ચાલીનો ખાર રાખી કાળા કલરની સ્કોર્પીયો ગાડીમાં આવી ફરીયાદીને ઊભો રાખી અને ગાળો આપવા લાગેલ જેથી ફરીયાદીએ ગાળો આપવાની ના પાડતા આરોપીઓ ઉશ્કેરાય ગયેલ અને ફરીયાદી ઉપર કુહાડી તથા લોખંડના પાઈપથી ત્રણેય આરોપીઓએ ફરીયાદીને શરીર પર બન્ને હાથ, બન્ને પગ તથા માથાના ભાગે અત્યંત ગંભીર જીવલેણ ઈજાઓ કરી અને ફરીયાદીને જ્ઞાતિ પ્રત્યે અપમાનિત કરી આજે તો તને પુરો જ કરી નાખવો છે તેમ ધમકી આપી અને આરોપીઓએ લોખંડના પાઈપના છૂટા ઘા કરી જતાં રહેલ ત્યારબાદ ફરીયાદીના સગાએ ૧૦૮ને ફોન કરી તાત્કાલિક રાજકોટ સરકારી હોસ્પિટલ તેમજ ત્યાથી પ્રાઈવેટ હોસ્પિટલ સારવાર માટે દાખલ કરવામાં આવેલ અને ત્યારબાદ હોસ્પિટલમાથી બી.એન.એસની કલમ ૧૦૯, ૧૧૫(૨), ૧૧૭(૨), ૩૫૧(૩), ૩૫૨ અને ૫૪ તથા એટ્રોસીટી એક્ટની કલમ ૩(૧)(આર), ૩(૧)(એસ), ૩(૨) (૫) તથાગુજરાત પોલીસ એક્ટની કલમ ૧૩૫ મુજબની ફરીયાદ આપવામાં આવેલ જેથી શાપર-વેરાવળ પોલીસ દ્વારા આરોપીઓની ધરપકડ કરી કોર્ટ સમક્ષ રજુ કરતાં આરોપીઓને જેલ હવાલે કરવામાં આવેલ.

જેલમાં રહેલ આરોપીઓ ભોજાભાઈ નાગસુરભાઈ માલાણી ,મેઘાભાઈ કરશનભાઈ અગરવચ્છાએ તેમના વકીલ મારફત રેગ્યુલર જામીન મેળવવા માટે અરજી કરેલ હતી સદરહુ અરજી સાંભળવા પર આવતા આરોપીઓના વકીલ, સરકારી વકીલ તથા ફરીયાદીના વકીલની દલીલો સાંભળી તેમજ ફરીયાદીએ જાતે હાજર રહીને આરોપીઓનો ગુન્હાહિત ઈતિહાસ તેમજ અગાઉ પણ આરોપીઓ વિરુદ્ધ ફરીયાદ કરેલ હોવાનું તેમજ આરોપીઓના ડરના કારણે પોતાનું રહેઠાણ છોડીને જતું રહેવાની નોબત આવેલ હોય તેવી ઉગ્ર રજૂઆતો કરી જામીન અરજી નામંજુર કરવા વિનંતી કરેલ હતી તેમજ આરોપીઓ તરફે થયેલ દલીલ તેમજ રજુ થયેલ ઉચ્ચ ન્યાયાલયોના ચુકાદાઓના આધારે ગોંડલ સેશન્સ કોર્ટ દ્વારા બન્ને આરોપીઓના ચાર્જશીટ પહેલા જામીન મંજુર કરવામાં આવેલ હતા.

આ કેસમાં બન્ને આરોપીઓ , ભોજાભાઈ નાગસુરભાઈ માલાણી , મેઘાભાઈ કરશનભાઈ અગરવચ્છા વતી રાજકોટના વકીલ રૂપરાજસિંહ પરમાર, અજીતભાઈ પરમાર, હુસૈનભાઈ હેરંજા, રવિભાઈ લાલ, જયદેવસિંહ ઝાલા, પાર્થરાજસિંહ ઝાલા, જીતભાઈ શાહ, દિપકભાઈ ભાટિયા, અંકિતભાઈ ભટ્ટ, રહિમભાઈ હેરંજા તથા પ્રેમરાજસિંહ પરમાર રોકાયેલ હતા.

# રાણાવાવમાં રૂ.૮.૮૯ લાખના બાયોડિઝલના જથ્થા સાથે પાંચ શખ્સોની ધરપકડ

## સ્થાનિક પોલીસને ઉંઘતી રાખી એસએમસીની ટીમે દરોડો પાડ્યોઃ બે વાહન સહિત કુલ રૂ.૨૩.૮૦ લાખનો મુદ્દામાલ કબ્જે



**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાતમાં પ્રતિબંધીત બાયોડિઝલના હાટડાઓ ધમધમી રહ્યા હોવાની ફરીયાદોના પગલે ગુજરાત સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે ગુજરાતના ખુણે ખુણે બાતમીદારોનું નેટવર્ક કામે લગાડી બાયોડિઝલના હાટડા ચલાવતા શખ્સો સામે લાલ આંખ કરી છે ત્યારે પોરબંદર જીલ્લાના રાણાવાવ ગામે સ્થાનિક પોલીસને ઉંઘતી રાખી એસએમસીની ટીમે દરોડો પાડી રૂ.૮.૮૯ લાખના બાયોડિઝલના જથ્થા સાથે પાંચ શખ્સોને દબોચી લઈ વાહનો સહિત રૂ.૨૩.૮૦ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

આ અંગેની માહિતી મુજબ એસએમસીના પીએસઆઈ આર.કે.કરમટા અને તેની ટીમના પોલીસ જવાનો પોરબંદર જિલ્લામાં પેટ્રોલિંગમાં હતા તે દરમ્યાન ચોક્કસ હકિકત મળી હતી કે, રાણાવાવમાં બાયોડિઝલનું વેંચાણ થતું હોય જેથી પોલીસે ઉપરોક્ત સ્થળે દરોડો પાડી બાયોડિઝલના હાટડા ચલાવતો આદિત્યાણા ગામનો કરશન અભા ઓડેદરા, અરસી ભીમા ઓડેદરા, રતનપરનો કાંધલ રામદેવ કડછા, રાણાવાવનો આશીષ રામજી વરવડીયા, વનારા ગામનો મસરી નાગા ઓડેદરા સહિત પાંચ શખ્સોની ધરપકડ કરી રૂ.૮.૮૯ લાખની કિંમતનું ૧૨૩૫૦ લીટર બાયોડિઝલનો જથ્થો કબ્જે લઈ બે વાહનો, એક મશીન, સ્ટોરેજ ટાંકી સહિત કુલ રૂ.૨૩.૮૦ લાખનો મુદ્દામાલ કબ્જે કરી પોરબંદરના ભરત મસરૂ નામના શખ્સની શોધખોળ આદરી છે.

# શહેર પોલીસમાં વધુ ૨૦ એએસઆઈ, હેડ કોન્સ. અને કોન્સ.ની આંતરીક બદલી

## ગઈકાલે પો. કમિશનર બ્રજેશકુમાર ઝાએ ૨૮ પોલીસમેનની બદલીનો ઓર્ડર કર્યા બાદ વધુ એક ઓર્ડર કર્યો




**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેર પોલીસમાં બે દિવસ પહેલા પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાએ ૨૮ એએસઆઈ, હેડ કોન્સ. અને કોન્સ.ની બદલીનો હુકમ કર્યા બાદ વધુ ૨૦ પોલીસ કર્મીઓની બદલીઓનો ઓર્ડર કરવામાં આવ્યો છે.

જેમાં આજીડેમ પોલીસ મથકમાં ફરજ બજાવતા એએસઆઈ કિશનભાઈ આહિરને ટ્રાફિકમાં, હારૂનભાઈ ચાનીયાને ટ્રાફિક, હેડ કોન્સ. દેવાભાઈ ધરજીયાને ટ્રાફિક તથા દિગ્વીજયસિંહને પ્ર.નગરમાં બદલી કરવામાં આવી છે. જયારે ડીસીપી પોલીસ મથકમાંથી કોન્સ. વિશાલભાઈ દવે, ઉમેશભાઈ આહિર, દિલીપભાઈ બોરીચાની ગુન્હાનિવારણ શાખા (પીસીબી)માં બદલીનો ઓર્ડર કરવામાં આવ્યો છે. પ્ર.નગર પોલીસ મથકમાં ફરજ બજાવતા એએસઆઈ અમૃતભાઈ મકવાણાની ટ્રાફિકમાં, એએસઆઈ ક્રિપાલસિંહની સાયબર ક્રાઈમ, હેડ કોન્સ. અંકિતભાઈની બદલી કરવામાં આવી છે. જયારે ગાંધીગ્રામ પોલીસ મથકમાં ફરજ બજાવતા મસરીભાઈ ભેટરીયાની ટ્રાફિકમાં, ધિરેનભાઈ મકવાણાની સાયબર પોસ્ટે અને કોન્સ. નગમા સુમરાની હેડ કવોર્ટર ખાતે સહિતના પોલીસ કર્મીઓની શહેરના અરસપરસ પોલીસ મથકોમાં બદલીનો હુકમ શહેર પોલીસ કમિશનર દ્વારા કરવામાં આવ્યો છે.

# જસદણના પારેવાડા ગામે પાંચ વર્ષના માસુમ પુત્રની નશાખોર પિતાએ હત્યા કર્યાનો માતાનો આક્ષેપ

## ઉમેશના માતાએ આક્ષેપ કર્યો કે, અગાઉ પણ વિજયે પુત્રને મારી નાખશે તેવી ધમકીઓ આપી હતી, તેણે જ વ્હાલસોયાનો જીવ લીધાનો ખળભળાટ મચાવતો આક્ષેપ





- વિજયને પોલીસે ઉઠાવી લીધો, તેણે પાડોશીનું નામ આપ્યુંઃ તમામ શકમંદોને ભાડલા પોલીસે સકંજામાં લીધા
- ગળાટુંપો આપી બાળકનું મોત નીપજાવ્યાની શક્યતા, મૃતદેહ ફોરેન્સિક પીએમ માટે રાજકોટ ખસેડાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જસદણના પારેવાડા ગામે પાંચ વર્ષના બાળકનું શંકાસ્પદ હાલતમાં મોત નીપજ્યું હતું. જેમાં પિતાએ હત્યા કર્યાનો આક્ષેપ છે. મૃતકનું નામ ઉમેશ વાળા છે. તેના માતા કાજલબેન બે દિવસ પહેલા પતિ સાથે ઝઘડો થતા સગાના ઘરે ચાલી ગઈ હતી. મૃતક પિતા વિજય પાસે હતો.

ઉમેશના માતાએ આક્ષેપ કર્યો કે, અગાઉ પણ વિજયે પુત્રને મારી નાખશે તેવી ધમકીઓ આપી હતી. તેણે જ વ્હાલસોયાનો જીવ લીધાનો ખળભળાટ મચાવતો આક્ષેપ કર્યો છે. વિજય ભલા વાળાને પોલીસે ઉઠાવી લીધો હતો. પુછપરછમાં તેણે પાડોશીનું નામ આપ્યું હતું. જેથી તમામ શકમંદોને ભાડલા પોલીસે સકંજામાં લીધા છે.

હાલ પ્રાથમિક તબક્કે ગળાટુંપો આપી બાળકનું મોત નીપજાવ્યાની શક્યતા છે. જોકે મૃતદેહ ફોરેન્સિક પીએમ માટે રાજકોટ ખસેડાયો છે. પીએમ. બાદ ચિત્ર વધુ સ્પષ્ટ થશે.

બનાવ અંગે પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત અનુસાર, ગઈકાલે રાત્રે પોણા ૧ વાગ્યાં આસપાસ ભાડલા પોલીસ મથકે જસદણ સરકારી હોસ્પિટલના તબીબે એક એમએલસી મૃત્યુ નોંધ લખાવી હતી. જેમાં ઉમેશ વિજયભાઈ વાળા (ઉંમર વર્ષ ૫, રહે.પારેવાડા ગામ, તા. જસદણ) પોતાના ઘરે હતો ત્યારે કોઈ કારણે બેભાન થઈ જતા બેભાન હાલતમાં જસદણ સરકારી હોસ્પિટલ લાવતા અત્રેના તબીબે જોઈ તપાસી મૃત જાહેર કર્યો હોવાની જાણ કરી હતી.

જેથી ભાડલા પોલીસ સ્ટાફ દોડી ગયો હતો. પ્રાથમિક તબક્કે બાળકની ગળેટુંપો આપી કે કોઈ પણ કારણે હત્યા કરાયનું જણાતા પોલીસે તત્કાલ તપાસ હાથ ધરી હતી. પીઆઈ કે. વી. પરમાર સહિતના સ્ટાફે મૃતદેહ ફોરેન્સિક પીએમ માટે રાજકોટ ખસેડી ફરિયાદ લેવા તજવીજ કરી હતી.

ઉમેશના માતા કાજલબેન એ આક્ષેપક કરતા જણાવ્યું હતું કે બે દિવસ પહેલા તેને પતિ વિજય સાથે ઝઘડો થયો હતો. વિજય અવારનવાર નશામાં ઝઘડો કરતો હતો. તેમના લગ્નને સાત વર્ષ થયા. સંતાનમાં બે પુત્ર ઉમેશ અને અજય છે. પતિ વિજય માલકુટ કરીને ત્રાસ આપતો હતો. બે દિવસ પહેલા જ્યારે ઝઘડો થયો ત્યારે કાજલબેન નાના પુત્ર અજયને લઈ આટકોટ પોતાના સગાના ઘરે ચાલ્યા ગયા હતા.

ઉમેશ ઘરે પિતા વિજય પાસે જ રહ્યો હતો. ગઈકાલે રાત્રે કાજલબેન ને ઉમેશના મૃત્યુ અંગે જાણ કરવામાં આવી હતી તેઓ હોસ્પિટલ દોડી ગયા હતા અને ભારે આક્રંદ મચાવ્યો હતો. કાજલબેન એ આક્ષેપ કર્યો કે અગાઉ પણ જ્યારે ઝઘડા થતા ત્યારે વિજય કહે તો કે તારા પુત્રને હું મારી નાખીશ. જેથી વિજય જ ઉમેશને મારી નાખ્યો છે તેવો આરોપ લગાવ્યો છે પોલીસે હાલ આ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

# થોરાળાની ઓડિયા ગેંગ સામે ગુજસીટોક ગેંગના નવ શખ્સોને દબોચી લેવાયા,સૂત્રધારનો 'પાસા'માં

## થોરાળા સહિતના વિસ્તારોમાં ૧૦ વર્ષમાં હત્યા, લૂંટ, દારૂની હેરાફેરી, પોલીસ સહિતના સરકારી કર્મીઓ પર હુમલા, ચોરી સહિતના ૩૪ ગુનાને અંજામ આપ્યો'તો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં થોરાળાની ઓડિયા ગેંગ સામે ગુજસીટોક (ધી ગુજરાત કંટ્રોલ ઓફ ટેરરીઝમ એન્ડ ઓર્ગેનાઈઝ ક્રાઈમ એક્ટ-૨૦૧૫) હેઠળ ગુનો દાખલ કરી ગેંગમાં સામેલ નવ લોકોને પકડી લેવાયા હતા તો એક અત્યારે પાસા હેઠળ જેલહવાલે હોય ત્યાંથી તેનો કબજો મેળવવામાં આવશે. આ ગુનાની તપાસ એસીપી (પૂર્વ) બી.વી.જાદવને સોંપવામાં આવી છે. ડીસીપી (ક્રાઈમ) જગદીશ બાંગરવા,બી.બી.બસીયા, પીઆઈ એમ.આર.ગોંડલિયા, એમ.એલ.ડામોર, સી.એચ.જાદવ સહિતની ટીમ દ્વારા બે મહિનાના ટૂંકા ગાળામાં જ ચાર ગેંગ ઉપર ગુજસીટોક હેઠળ કાર્યવાહી કરી ભોંભીતર કરી દેવામાં આવી હતી. ચોથી ગેંગ ઉપર ગુજસીટોક હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે

થોરાળામાં રહેતો અવેશ અયુબભાઈ ઓડિયા (રહે.થોરાળા),અરબાઝ રફીકભાઈ રાઉમા (રહે.થોરાળા),શબ્બીર ઉર્ફે બોદુ સતારભાઈ ઓડિયા (રહે.થોરાળા),ઈમ્તિયાઝ આબીદભાઈ ઓડિયા (રહે.થોરાળા), નયન જ્યોતિષભાઈ દાફડા (રહે.થોરાળા) આબીદ ગનીભાઈ ઓડિયા (રહે.થોરાળા),અનિશ આબિદભાઈ ઓઠિયા (રહે.થોરાળા),અબ્દુલ અનવરભાઈ દલ (રહે.થોરાળા),શાહિદ અશરફભાઈ ઓડિયા (રહે.થોરાળા),મિત કિશોરભાઈ પરમાર (રહે.થોરાળા) સહિત નવ શખ્સો ની ધરપકડ કરાઈ છે

આ ઓડિયા ગેંગ દ્વારા છેલ્લા દસ વર્ષની અંદર હત્યા, હત્યાનો પ્રયાસ, અપહરણ, લૂંટ, ટોળકી રચી હુમલા કરવા, પોલીસ સહિતના સરકારી કર્મચારીઓ ઉપર હુમલો, હથિયાર રાખવા, એટ્રોસિટી એક્ટ સહિતના ૩૪ ગુનાને અંજામ આપવામાં આવ્યો હતો. આ ગેંગનું સંચાલન અવેશ અયુબભાઈ ઓડિયા કરતો હતો જે હાલ પાસા હેઠળ ભાવનગર જેલમાં હોય ત્યાંથી તેનો કબજો મેળવાશે. પોલીસ દ્વારા હવે આરોપીઓએ વસાવેલી મિલકત સહિતની પણ તપાસ કરાશે.

અત્રે ઉલ્લેખનીય છે કે બે મહિનામાં જ કાઈમ બ્રાન્ચ દ્વારા ચારેય ગેંગના મળી કુલ દૂર ટપોરીઓને ગુજસીટોક હેઠળ જેલમાં ધકેલી દેવામાં આવ્યા છે સાથે સાથે ગેરકાયદેસર મિલકતોને ટાંચમાં લઈ આર્થિક રીતે પણ તેમની કમર તોડી નાખવામાં આવી છે. ટૂંક સમયમાં જ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા આવી અન્ય ગેંગ સામે ગુજસીટોકનું શસ્ત્ર ઉગામવામાં આવશે

# ૧૩ વર્ષીય સગીર લેસન કર્યા વગર ગયો, વાલીઓને બોલાવવાનું કહેતા બસ સ્ટેન્ડ પહોંચ્યો

## બસ સ્ટેન્ડમાં ઘણા સમયથી બેઠેલો જોઈ એ-ડિવિઝન પીએસઆઈને શંકા ગઈ ને પૂછપરછ કરતાં જ ભાંડો ફૂટ્યો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં છેલ્લા થોડા સમયથી સ્કૂલ શિક્ષક-શિક્ષિકાઓનો ઠપકો, લેસન કર્યા વગર સ્કૂલે ગયા બાદ શિક્ષક-શિક્ષિકા ખીજાશે તેવો ડર, વાલીઓ દ્વારા ભણવા માટે કરાતું સતત દબાણ સહિતના મુદ્દે બાળકો ઘર છોડી દેતાં જરા પણ અચકાઈ રહ્યા ન હોવાના કિસ્સા બની રહ્યા છે ત્યારે આવો જ વધુ એક બનાવ પ્રકાશમાં આવ્યો હતો. જો કે બાળક સાથે કશું અજુગતું બને તે પહેલાં જ પોલીસના ધ્યાન પર આવી જતાં સમયસર વાલીઓને બાળક સોંપી દેવામાં આવ્યું હતું. ૧૩ વર્ષીય સગીર કે જે લેસન કર્યા વગર સ્કૂલે ગયો હોય સ્કૂલ દ્વારા વાલીઓને બોલાવવાનું કહેવાતાં જ ગભરાઈને સ્કૂલમાંથી નીકળી જઈ બસ સ્ટેન્ડ પહોંચી ગયો હતો.

આ અંગે વધુમાં જાણવા મળ્યા પ્રમાણે એ-ડિવિઝન પોલીસ મથકના પીઆઈ બી.વી.બોરીસાગરના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ ડી.વાય.મહંત, હેડ કોન્સ્ટેબલ પ્રતાપ કામળિયા સહિતની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે એસ.ટી.બસ સ્ટેન્ડમાં બાકડા ઉપર એક બાળક બેઠેલો જોવા મળ્યો હતો. આ પછી બાળકને એસ.ટી.પોલીસ ચોકીમાં લાવીને પૂછપરછ કરતાં તેણે પોતાનું નામ પણ જણાવ્યું હતું. બસ સ્ટેન્ડમાં શું કરી રહ્યો છે તેવું પૂછતાં બાળકે કહ્યું હતું કે તે મંગળવારે સવારે ૧૦ વાગ્યે પોતાના ઘેરથી શાળાએ ગયો હતો. જો કે પોતેન હોમવર્ક કર્યું ન હોય સ્કૂલ દ્વારા બાળકને પોતાના વાલીઓને બોલાવી લાવવાનું કહેવાયું હતું પરંતુ જો ઘરે કહેશે તો વાલીઓ ઠપકો આપશે તેવો ડર લાગતાં તે ઘેર ગયો ન્હોતો અને સ્કૂલેથી નીકળી જઈ સીધો બસ સ્ટેન્ડ પહોંચી ગયો હતો. અહીંથી બાળક દ્વારકા ચાલ્યો જવાનો હતો અને દ્વારકા જનારી બસની રાહ જોઈ રહ્યો હતો.

જો કે તે પહેલાં જ પોલીસના ધ્યાન ઉપર આવી જતાં પોલીસે બાળકના મોટાભાઈ સહિતના પરિવારજનોના નંબર બાળક પાસેથી મેળવી લઈ ફોન કરીને બસ સ્ટેન્ડ ખાતે બોલાવ્યા હતા અને બાળકને તેનો કબજો સોંપ્યો હતો.

# રેલનગર વિસ્તારમાં પ્રેમીના પિતાને પ્રેમિકા સહિતના શખ્સોએ ઢોર માર માર્યો


## હુમલામાં ઘવાયેલા વૃદ્ધને સારવાર માટે ખસેડાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રેલનગર વિસ્તારમાં પ્રેમિકાએ અન્ય શખ્સ સાથે મળી પ્રેમીના પિતા ઉપર હુમલો કરી માર માર્યો હતો. વૃદ્ધને ઈજા પહોંચતા સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. આ અંગે જાણવા મળતી વિગત મુજબ રેલનગર વિસ્તારમાં આવેલ છત્રપતિ શિવાજી ટાઉનશિપમાં રહેતા ઘનશ્યામભાઈ લાલજીભાઈ સોલંકી નામના ૬૫ વર્ષના વૃદ્ધ રાત્રીના નવેક વાગ્યાના અરસામાં પોતાના ઘર પાસે હતા ત્યારે ભીમો અને તેની બહેન સપના સહિતના શખ્સોએ ઝઘડો કરી મૂંટમાર માર્યો હતો. હુમલામાં ઘવાયેલા વૃદ્ધને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. પ્રાથમિક પૂછપરછમાં હુમલામાં ઘવાયેલા ઘનશ્યામભાઈ સોલંકી માર્કેટિંગ યાર્ડમાં મજૂરી કામ કરે છે. અને તેમને સંતાનમાં એક પુત્ર અને બે પુત્રી છે. ઘનશ્યામભાઈ સોલંકીના પુત્ર ગૌતમને હુમલાખોર સપના સાથે પ્રેમ સંબંધ હતો જે પ્રેમ સંબંધની અદાવતમાં ઘનશ્યામભાઈ સોલંકી ઉપર હુમલો કર્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આક્ષેપના પગલે પ્રનગર પોલીસે નોંધ કરી વધુ તપાસ કરી છે.

# ઈન્દીરાનગરમાં યુવતી અને તેના પરિવારને પાડોશી શખ્સે ટાંટીયા ભાંગી નાખવાની આપી ધમકી

## તારા ભાઈ મારા પિતા સાથે કેમ ઝઘડો કરે છે કહી ધમકાવ્યાની ફરિયાદ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના રૈયાધાર ઈન્દીરાનગરમાં રહેતી યુવતીને પાડોશમાં રહેતા શખ્સે 'તારા ભાઈ મારા પિતા સાથે કેમ ઝઘડો કરે છે' તેમ કહી યુવતી અને તેના પરિવારને ટાંટીયા ભાગી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ પોલીસ ચોપડે નોંધાતા યુનિવર્સિટી પોલીસે પાડોશી શખ્સ વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. જાણવા મળતી વિગત મુજબ

રૈયાધાર ઈન્દીરાનગરમાં રહેતી તેજલ પ્રવિણભાઈ વોરા (ઉ.વ.૨૩)નામની યુવતીએ યુનિ.પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે પાડોશમાં રહેતા કરણ ઉર્ફે કૌશલ નીતિનભાઈ મકવાણાનું નામ આપ્યુ છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ ગત તા.૧૫ના બપોરે તેણી ઘરે હતી ત્યારે આરોપી કરણ તેના ઘર પાસે આવી રાડો પાડવા લાગેલો જેથી તેણી બહાર નીકળતા આરોપીએ 'તારા ભાઈ મારા પિતા સાથે કેમ ઝઘડો કરે છે' તેમ કહી ગાળો આપી તારાભાઈને કહી દેજે સીધા રહે નહીતર તારા અને તારાભાઈઓના ટાંટીયા ભાગી નાખીશ, તમારે જીવતા રેવુ હોયતો અમે કહીએ તેમ જ રહેવાનું અહીં અમારુ જ ચાલશે તેમ કહી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ અંગે પોલીસે યુવતીની ફરિયાદ પરથી પાડોશી શખ્સ વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# શાપર-વેરાવળમાં એક્ટિવા ચોરી કરનાર તસ્કરની ધરપકડ




**મુખ્ય સમાચાર, રાજકોટ**

શાપર-વેરાવળના ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારોમાં છાસવારે વાહન ચોરીની ફરીયાદોના પગલે શાપર-વેરાવળ પોલીસે પેટ્રોલિંગ સઘન બનાવી એક્ટિવા ચોરી કરનાર તસ્કરને દબોચી લઈ કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગેની માહિતી મુજબ શાપર-વેરાવળ પોલીસના પીઆઈ આર.બી.રાણાની સુચનાથી હેડ કોન્સ.દિનેશભાઈ, જગશીભાઈ, પ્રતિપાલસિંહ સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમી મળી હતી કે, વેરાવળના શાંતિધામ સોસાયટીનો રાજ મહેશ દોકલ નામનો શખ્સ ચોરાઉ એક્ટિવા લઈ નિકળવાનો હોવાની હકિકતના આધારે પોલીસે વોચ ગોઠવી શાપર-વેરાવળમાંથી વાહન ચોર રાજ દોકલને દબોચી લઈ રૂ.૭૦ હજારની કિંમતનું ચોરાઉ એક્ટિવા નંબર જીજે૦૩પીબી૧૦૯૦ નંબરનું કબ્જે કરી વધુ તપાસ શરૂ કરી છે.

# બેડી બાયપાસ રોડ પર પંચવટી સોસાયટીમાં એન્ડેવર કારમાં વિદેશી દારૂના જથ્થા સાથે એક શખ્સ ઝડપાયો




**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરની ભાગોળે બેડી બાયપાસ રોડ પર આવેલ પંચવટી સોસાયટીમાં વિદેશી દારૂ ભરેલી એન્ડેવર કારમાં એક શખ્સને ક્રાઈમ બ્રાન્ચની ટીમે દબોચી લઈ કાર સહિત રૂ.૩.૮૧ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

આ અંગેની વિગત મુજબ ક્રાઈમ બ્રાન્ચના પીએસઆઈ એ.એન.ડામોરની સુચનાથી હેડ કોન્સ. અર્જુનભાઈ ડવ, કોન્સ. ગોપાલભાઈ સહિતનો સ્ટાફ બેડી ચોકડી પાસે પેટ્રોલિંગમાં હતા તે દરમ્યાન બાતમી મળી હતી કે, બેડી ચોકડીથી અમદાવાદ હાઈવે બાયપાસ રોડ પર બ્રિજ નીચે આવેલ પંચવટી સોસાયટીમાં એક શખ્સ દારૂનો જથ્થો કારમાં હેરાફેરી કરતો હોવાની હકિકતના આધારે પોલીસે ઉપરોકત સ્થળે વોચ ગોઠવી એન્ડેવર કાર નંબર જીજે૦૧કેએસ૩૭૬૭માં ધવલ મનસુખ મુંડયા (રહે. મારૂતીનગર, શેરી નં.૧, પેડકરોડ) નામનો શખ્સ શંકાસ્પદ રીતે નિકળતા પોલીસે કારનો પીછો કરી અટકાવી તલાસી લેતા તેમાંથી ૭૬૦૦૦ની કિંમતની ૧૯ બોટલ સ્કોચ વિદેશી દારૂની મળી આવતા પોલીસે કાર સહિત રૂ.૩.૮૧ લાખનો મુદ્દામાલ કબ્જે કરી ચાલક ધવલ મુંડયાની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.